
॥ હરિઃૐ ॥

Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 6 • Issue : 1 • 5th July, 2023 • Price : Rs. 10



પૂજ્ય શ્રીમોટાના ગુરુમહારાજ ધુણીવાળાદાદા શ્રીકેશવાનંદજી



## કશું ના ઠામઠેકાણું !

(ગઝલ)

જીવનપાનાં અમારાં તો સ્વજન સાથે પડેલાં છે,
હવે નિભાવી લેવાની તમારે હાથ ચાવી છે.

અમારું કોઈ ઠેકાણું કશું ક્યાંયે જરા ના છે,
તમારે સાચવી લેવા તણું તે કર્મ, તમ કર છે.

શું યદ્વાતદ્વા સંપૂર્ણ બધું જે તે અમારું છે,
લગાવાતાંય ત્યાં ગોથાં પડે સમજણ ન તેવું છે.

છતાં જ્યારે પનારે તો કૃપાથી, તમ પડેલા તે
હવે સંભાળી, સંભાળી શું લેવાના તમારે છે !

— શ્રીમોટા

('વસંતે બહાર', પ્ર.આ. પૃ. ૪૫)

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશન

# હરિઃૐ ગુંજન

'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)

વર્ષ-૬, અંક-૧ માનદતંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ જુલાઈ-ઓગષ્ટ, ૨૦૨૩

## આદરમાન સ્વીકારવાનાં કારણો

આપણે આપણા હાલના અહંકારથી પ્રેરાયેલી સમજણ ને ધોરણને માપે બધાંને માપીએ છીએ; એટલે જ્યારે આપણી નજરે ઘણું વધારે પડતું માન કોઈને અપાય છે, ત્યારે આપણે માની લઈએ છીએ કે માન પામનાર માનનો ભૂખ્યો છે ને માન આપનાર અંધભક્તો, અજ્ઞાનમાં સડતા અંધ શ્રદ્ધાળુઓ છે. **સદ્‌ગુરુ માનઆદર સ્વીકારે છે – પછી ભલે એવા સદ્‌ગુરુ જગતમાં પ્રકટરૂપે થોડા જ હોય – તે પોતાને પ્રેમ-આદર ગમે છે તે માટે નહિ, પણ એવા પ્રેમઆદરની ભાવના સામાનામાં હોય ને વૃદ્ધિ પામે તો સદ્‌ગુરુનાં વચન અને ભાવનાનો ઝટ સ્વીકાર થઈ શકે તેથી.** જેમ કોઈ સો ખરાબ માણસમાં એક તો સારો હોય, કંઈ નહિ તો હજારમાં તો એક તેવો હોય, તેમ આદરભાવ ને પૂજ્યભાવ પામનારામાં પણ લોકોત્તર પુરુષ પણ હોય છે. એવા लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति । (લોકોત્તર પુરુષનાં દિલ કોણ જાણી શકે છે ?) આપણે તો ખ્યાલમાં રાખવું કે **એવો જ્ઞાનપૂર્વકનો ભાવ કેળવવાથી આપણું હું પદ પણ ઘટે છે ને કોઈને અન્યાય કરતાં પણ અટકીએ છીએ.**

*('જીવનસંશોધન' ત્રીજી આ., પૃ. ૨૯)*

## હરિઃૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.

આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT, IMPS, UPI મારફતે દાન/ભેટ મોકલી શકાય છે.

| | | |
|---|---|---|
| એકાઉન્ટનું નામ | : | **હરિઃૐ આશ્રમ, નડિયાદ**, HARI OM ASHRAM, NADIAD |
| બેંકનું નામ | : | BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad |
| સેવિંગ્સ એકાઉન્ટ નંબર | : | 72850100008267 |
| IFSC કોડ | : | BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.) |

ઓનલાઈનથી દાન મોકલનાર **સ્વજને તેમનું પૂરું નામ, અટક, સરનામા (પીનકોડ સહિત)**ની જાણ દર્શાવેલ આશ્રમના વ્હૉટ્સએપ નંબર ઉપર **મોબાઈલ નંબર, પાનકાર્ડ** સાથે અચૂક કરવાથી જ ઈન્કમટેક્ષમાંથી કરમુક્તિને પાત્ર થશે અન્યથા કરમુક્તિ મળશે નહીં. **(ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.)**

**વ્હૉટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**ઉપરોક્ત પદ્ધતિથી 'હરિઃૐ ગુંજન'નું લવાજમ પણ મોકલી શકાશે.**

વર્ષ-૬, અંક-૧ હરિઃૐ ગુંજન જુલાઈ-ઓગસ્ટ, ૨૦૨૩
WEBSITE : www.hariomashram.in E-MAIL : hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

*શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન*
*શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ*
*શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ*
*શ્રી પ્રણવભાઈ એસ. પટેલ*
*શ્રી કીર્તિભાઈ બી. પરમાર*

**૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**

*બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ- ૩૮૭૦૦૧ને કરવી.*

**હરિઃૐ આશ્રમ, નડિયાદ**

**આશ્રમ : ૭૮૭૮૦ ૪૬૨૮૮**

**પરેશભાઈ : (મો.) ૯૪૦૮૯ ૨૦૭૫૭**

**રાજેન્દ્રભાઈ : (મો.) ૯૯૭૮૪ ૦૫૨૩૧**

***લવાજમ***

*છૂટક નકલ : રૂ. ૧૦/-* *વાર્ષિક : રૂ. ૬૦/-*
*પાંચ વર્ષ : રૂ. ૨૫૦/-* *દસ વર્ષ : રૂ. ૪૦૦/-*

**પ્રકાશન સ્થળ : હરિઃૐ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧**

**મુદ્રક :** *સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨*

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | કુંભકોણમ્‌માં ગુરુપૂર્ણિમા પ્રવચન અંશ | શ્રી મોટા | ૫ |
| ૨. | વિ—સર્જન | રમેશ ભટ્ટ | ૮ |
| ૩. | હરિસ્મૃતિ — ફાજલપુર | રમેશ ભટ્ટ | ૯ |
| ૪. | શ્રી મોટાના લોકકલ્યાણનો ગોવર્ધન તોળાયો | રાજેન્દ્ર રાવલ | ૧૦ |
| ૫. | ગુરુમહારાજનો બદલો આપવાનું વચન | શ્રીમોટા | ૧૩ |
| ૬. | લેખકનું કથન | | ૧૪ |
| | કસોટીના કાળે જાગ્રત થાઓ | | |
| ૭. | (અ) નકારાત્મક વૃત્તિને પ્રેમભરી વિદાય | શ્રીમોટા | ૧૫ |
| | (બ) નકારાત્મક લાગણીનો પણ સદુપયોગ થઈ શકે | | |
| | (ક) નકારાત્મક વૃત્તિઓ પ્રતિ વલણ | | |
| ૮. | (અ) સદ્‌ગુરુની વ્યક્તિ અને તેનો ભાવ | શ્રીમોટા | ૧૭ |
| | (બ) સદ્‌ગુરુ હેતુપૂર્વક આઘાત પણ આપે | | |
| | (ક) પોતાના સદ્‌ગુરુમાં જ મનન-ચિંતન | | |
| ૯. | બાળકો પ્રત્યે યોગ્ય કર્તવ્ય | શ્રીમોટા | ૧૯ |
| ૧૦. | (અ) સાધકનું ધ્યેય | શ્રીમોટા | ૨૧ |
| | (બ) અજ્ઞાન | | |
| ૧૧. | સહસ્ત્ર શીર્ષ અહંકાર | શ્રીમોટા | ૨૨ |
| ૧૨. | શ્રી એ. જી. ભટ્ટ કૃત મોટા ચરણે | શ્રી કાર્તિક ભટ્ટ | ૨૩ |


**૦૩-૦૭-૨૦૨૩, સોમવાર**

## ગુરુપૂર્ણિમા ઊજવણી

**સવારે ૮-૦૦થી બપોરના ૪-૦૦ કલાક**

**૨૩-૦૭-૨૦૨૩, રવિવાર**

## પૂજ્ય શ્રીમોટા દેહત્યાગ દિન

**(ફાજલપુર, વડોદરા)**

**(વિગતવાર કાર્યક્રમ ટાઈટલ નં. ૪ ઉપર આપેલ છે.)**

# તા. ૨૧-૭-૧૯૬૮ના રોજ કુંભકોણમ્‌માં ગુરુપૂર્ણિમાએ શ્રીમોટાએ કરેલ પ્રવચનના અંશ

## ધાર્મિક ભાવનાની વિશેષતા દક્ષિણ ભારતમાં છે

... ... ત્યારથી અને આ દેશ જાણે કે મારું ઘર હોય એવો લાગેલો છે. ત્યારે મેં ભાઈ નંદલાલને કહ્યું કે આ દેશમાં ઘણી ભાવના છે. ત્યારે એમને ગળે વાત નહિ ઊતરેલી. પછી જેમ જેમ એમને સમજણ અનુભવના પ્રદેશની લાગવા માંડી, ત્યારે એમને લાગેલું કે મોટાનીવાત સાચી છે કે આ દક્ષિણના લોકો ઉત્તર હિન્દુસ્તાન કરતાં આપણા ગુજરાતના કરતાં અહીં લોકો ભાવનાવાળા વિશેષ છે. અને ધર્મ જેને કહીએ એ ધર્મનું બીજ અહીંયાં વિશેષ છે.

અહીંથી આપણા દેશમાં, આપણા સમાજમાં ધર્મનો ઉદય જ્યારે થવાનો હશે ત્યારે પણ દક્ષિણમાંથી જ થવાનો છે. હિન્દુસ્તાનના એકેએક સંપ્રદાય લો. ધર્મના સંપ્રદાયો, એ સંપ્રદાયના આચાર્યો દક્ષિણમાંથી જ પાકેલા છે. ઇતિહાસની વાત છે આ.

આ દક્ષિણને જેટલું મહત્ત્વ આપણા હાલના પણ દેશની સરકાર કે વિગેરે આપશે તો આખા હિન્દુસ્તાન દેશનું એમાં કલ્યાણ સમાયેલું છે. પરંતુ એને જાળવવો પણ એટલો જ અઘરો છે. અહીં દક્ષિણ હિન્દુસ્તાનમાં જેટલી ગરીબાઈ છે એટલી બીજે નથી. એટલે એ પક્ષને, ગરીબ વર્ગ, નીચલો વર્ગ છે એને જો આપણે આ કાળની અંદર નહિ સાચવી શકીએ તો ઘણાં ભયંકર પરિણામો પણ આવવાની શક્યતા છે.

## હરિયાળી રમણીયતાનો પ્રદેશ દક્ષિણ ભારત છે

ત્યારે આ પ્રદેશ એક તો રળિયામણો, કુદરતની નૈસર્ગિકતા, કુદરતનું નૈસર્ગિક સૌંદર્ય નદીઓથી ભરપૂર, ખેતીવાડી પણ ઘણી સારી થઈ શકે. દક્ષિણ ભારતમાં જેટલો ચોખો પાકે છે એટલો તો બીજે ક્યાંય પાકતો નથી. આમ તો બીજે છે, બંગાળ વિ. પ્રદેશો. ત્યાં પણ વધારે પાકે છે પણ દક્ષિણ ભારત જેટલો ક્યાંય નહિ. એટલે **"શશ્ય શ્યામલામ માતરમ્‌"** એ જે અસલના કવિએ ગાયું છે તે દક્ષિણ ભારતને વિશેષ લાગુ પડે છે. બંગાળમાં જો કે છે હરિયાળી બધી લીલોતરી દેખાય પણ તેના કરતાંય વધારે રળિયામણો દેશ આપણો દક્ષિણ ભારત છે.

## કુંભકોણમ્‌માં આશ્રમની સ્થાપના

ત્યારે ભગવાનની કૃપાથી આ દેશમાં મારે આવવાનું જે બન્યું એમાં પણ કોઈ ને કોઈ હેતુ જ રહેલો છે. કોઈ હેતુ વિનાનું કાંઈ પણ કશું કાર્ય હોઈ શકતું નથી. એટલે અહીં જ્યારે આવવાનું બન્યું ત્યારે મને બહુ ગમ્યું. અને ત્યારથી મને વિચાર થયો કે એક આશ્રમ હોય તો આ સાધનાને માટે અનુકૂળતા થઈ શકે. તે એવો આશ્રમ કાઢવો ને ભગવાનની કૃપાથી એ થાય તો સારું. કારણ કે મારી પાસે તો પૈસા નો'તા. આમેય આર્થિક સ્થિતિ તો મારી કુટુંબની આર્થિક સ્થિતિ તો ઘણી ગરિબાઈવાળી પુષ્કળ ગરીબાઈવાળી અને તેમાંય તો વીસ વર્ષ દેશની સેવામાં ગાળ્યા. ત્યારે કાંઈ અમને પગાર કાંઈ ઝાઝો મળતો ન હતો. માત્ર પિસ્તાળીસ જ રૂપિયા મળતા હતા.

પણ પછીથી ભગવાનની કૃપાથી આશ્રમને માટે ઠીક ઠીક રકમ એકઠી થઈ. લગભગ નેવું હજાર સુધી કહી શકાય એવી પણ ત્યારે મને લાગ્યું કે મને મારા ભગવાનનો હુકમ મલ્યો નથી, એટલે તે બધી રકમ પાછી આપી દીધી. પછી જ્યારે ૧૯૫૦ની સાલમાં હું અહીંયા હતો અથવા તો '૫૦ કે '૪૯ '૫૦ની સાલમાં હરિનો જન્મ થયેલો છે. ૪૯માં. ત્યારે મામાને (શ્રી હસમુખભાઈના પિતાશ્રી ગોપાળદાસભાઈ. જેઓ શ્રી નંદુભાઈના મામા થાય) મેં કહ્યું કે મારે આ બાજુ એક આશ્રમ કાઢવો છે ને કોઈ સારી જગ્યા આપણે ખોળીએ. બહુ મહેનત કરેલી. મામા એટલા બધા અમે ને બધે ઠેકાણે ઠેકાણે કુંભકોણમ્ ને આગળ પાછળ ઘણું રખડેલા અને ઘણી જગ્યાઓ જોઈ અને એમનું કામકાજ છોડીને પણ મામા અહીં રહ્યા. અમારી સાથે. ને બહુ ફર્યા અમે. પછી છેવટે હાલ જ્યાં આશ્રમ છે એ જગા મને ગમી ગઈ કે આ જગા મને સારી ગમે છે.

હવે એક વાત હું કહું કે જે આપણી કલ્પનામાં કે માન્યામાં ન આવે કે **હાલ જે સમાધિ છે એ સમાધિ એ સંતની** consciousness**નો પણ મને અનુભવ થયેલો ને ત્યારે ભાઈ હસમુખભાઈને વાત કરેલી. અને એ**

**ચેતનાનો સંપૂર્ણ અનુભવ એમને નહિ થયેલો. એની પણ જાણ પડેલી.** ત્યારે આ જગા મેં કહ્યું બહુ ઉત્તમ છે. ને આ જગા આપણે લેવી. અને એ જગા લેવાને માટે થોડા વધારે પૈસા પણ આપવા પડેલા આપણે.

## એકાંત, જળાશય નજીક આશ્રમ સ્થાપવાનું રહસ્ય

અસલના વખતમાં સાધુ-પુરુષો આવા આશ્રમો હતા તે પણ જળાશયને કિનારે જ. એનું એક મોટું રહસ્ય તો એ છે કે આપણા વાતાવરણની અંદર અનેક પ્રકારનાં ઉગ્ર વિચારોનાં આંદોલનો વાતાવરણમાં હોય છે. આજે આપણે અહીં બેઠા છે. આ ઓરડાની અંદર પણ કેટલાય બધા દેશોના શબ્દો છે. અહીં આગળ. ઈંગ્લૅન્ડના છે. ચાઈનાના છે. જાપાન છે. ચીન છે. ઈંગ્લૅડ છે. અમેરિકા છે. રશિયા છે. જર્મની છે. ફ્રાંસ, હિન્દુસ્તાનના એકે એક જ્યાં જ્યાં રેડિયો છે તે તે ઠેકાણેના શબ્દો આ ઓરડાની અંદર છે. એ તો આજે વિજ્ઞાને સાબિત કર્યું છે.

એક કાળ એવો આવશે કે ત્યારે તે એ પણ આપણા લોકો માનતા થશે કે ભઈ જેમ શબ્દનાં મોજાંઓ છે, એવી રીતે આ વિચારનાં પણ મોજાંઓ છે અને એ વિચારનાં મોજાંઓ જેમ શહેર લોકો વધારે વસ્તી ત્યાં જુદા-જુદા પ્રકારના, અનેક પ્રકારનાં, આડાં, અવળાં, ઊભાં, વિરોધવાળાં એ વિચારનાં મોજાંઓ છે અને એ વિચારનાં મોજાંઓ પણ આપણને સ્પર્શે છે. જેવી વખતે જેવો જેવો પ્રકારનો આપણો mood હોય, ભૂમિકા હોય તે પ્રકારનાં વિચારનાં આંદોલનો આપણને સ્પર્શતાં હોય છે. આ વાતાવરણમાંથી. પણ એનું મૂળ આપણામાં રહેલું છે. એ આંદોલનો જરૂર આપણને સ્પર્શે છે. એટલે જેટલો એકાંતમાં, દૂરમાં દૂર આશ્રમ હોય અને જળાશય પાસે જુઓ તો ખાસ તમે.

અસલના વખતમાં જુઓ તો આશ્રમોનું વર્ણન વાંચો તો જળાશયને બહુ મહત્ત્વ આપેલું છે. તે એટલા માટે છે કે જળ, જળતત્ત્વ એવુ છે કે આ બધાં મોજાંઓને ઠંડક આપે છે. એમની ઉગ્રતાને હરણ કરનારું છે. એટલું જ નહિ પણ આપણને પોતાને પણ એમાંથી આનંદ પ્રાપ્ત થાય છે. જળ ઉપયોગી છે. આપણને—સંસારને—મનુષ્યોને, જળચર-પ્રાણીઓ, પશુ-પક્ષીને પૃથ્વી પર જે કાંઈ છે. જડ-ચેતન બધાને જ પાણીનો બહુ ઉપયોગ છે. અને મોટામાં મોટુ વધારેમાં વધારે લાભકારક તો એ છે કે આવાં જે વિચારનાં ઉગ્ર આંદોલનો હોય છે એને મોળાં પાડે છે જળ-તત્ત્વ. એ એક એનો મોટામાં મોટો ફાયદો છે. એટલા જ કારણે આશ્રમો પાસે જળાશય હોવાં જ જોઈએ. એ અસલના વખતથી એક રૂઢિ પ્રચાર થઈ ગયેલો. મારા ગુજરાતમાં પણ જ્યાં જ્યાં આશ્રમો છે ત્યાં બધે જ નદી. નડિયાદમાં, સુરતમાં એકદમ નદી કિનારે છે. અહીં પણ ભગવાનની કૃપાથી આપણને એવો મળી ગયેલો આશ્રમ.

## વેદકાળમાં ગુરુની પ્રથા ન હતી

**હવે આ ગુરુની પ્રથાને રિવાજને આપણે વિચારીએ તો અસલના વેદકાળના વખતમાં ગુરુ નથી. ગુરુની પરંપરા નો'તી.** તેથી કરીને ઋષિમુનિઓ નો'તા એમ નહિ. ઋષિઓનું અસ્તિત્વ હતું. મોટાં મોટાં ગુરુકુળો પણ હતાં ત્યારે પણ. **ભણવા ઋષિમુનિઓ પાસે તે જતા ખરા. અને એ પણ સંસ્કૃતિમાં હતું કે જેને જેની પાસેથી ભણવું છે, એ ભણનારા પરત્વે જો આદર ને નમ્રતા આપણામાં ન પ્રગટ્યાં હોય તો વિદ્યાનું હૃદય આપણામાં પ્રગટતું નથી. એટલે આપણે જો વિદ્યા શીખવી હોય, વિદ્યા શીખવાની ગરજ હોય તો જેની પાસેથી શીખવી છે, તેના પરત્વે આપણને આદર, સદ્ભાવ, નમ્રતા પ્રગટેલા હોય તો તેની પાસેથી આપણે વધારે શીખી શકીએ.**

સંસારવ્યવહારમાં પણ કોઈને ત્યાં આપણે જો શીખવા રહ્યા હોઈએ ત્યાં જો ઉચ્છૃંખલતાથી જો એની સાથે વર્તીએ, બેતમાથી વર્તીએ, બેપરવાઈથી વર્તીએ, એની સામે બળવો પોકારીએ તો એની પાસેથી કાંઈ આપણને શીખવાનું નહિ મળે. અરે ! નોકરી માત્ર જો કરવી હોય તો પણ એની સાથે જો આપણો પ્રેમનો સંબંધ પ્રગટે નહિ, એની સાથે આપણો જો સદ્ભાવભર્યો મેળ ન હોય, સુમેળ ન હોય તો પણ ત્યાં કશો પત્તો ખાય નહિ. તમે આગળ ન વધી શકો.

## મૂર્તિપૂજાનો ઉદ્ભવ—ભાવનાનું પતન અટકાવવા

ત્યારે આપણા ઋષિમુનિઓએ જોયું કે જેમ જેમ ભાવનાનું પતન થતું જાય તેમ તેમ એ ભાવના આપણામાં જગાડવા માટેનું એ જે medium સાધન એ સાધન ધીરે ધીરે કરીને સૂક્ષ્મમાંથી સ્થૂળ થતું જાય છે. આજે મૂર્તિપૂજા એટલા જ માટે. **અસલના વખતમાં કાંઈ મૂર્તિપૂજા હતી નહિ. પણ સમાજનું – સમાજની ભાવનાનું જેમ પતન થતું ગયું તો સમાજને જીવતો રાખવા સમાજની ભાવનાને**

**ફૂળી ફૂળી રાખવાને માટે કોઈ સાધન જોઈએ. એટલે ત્યાર પછી આ મૂર્તિનું સાધન થયું.**

એવી જ રીતે વેદકાળ અથવા Pre-Vedic Times માં આપમેળે ભાવનાનું પ્રચંડ મોજું હતું અને પોતાના જીવનનું – જીવનનો હેતુ ઘણા ખરા લોકો સમજતા હતા. જીવન શેને માટે મળેલું છે. અને એને માટેની લોકોને ઉત્સુકતા પણ વિશેષ હતી. એવા આચાર્યો, ઋષિમુનિઓ પણ વિશેષ હતા. એ લોકોએ જીવનનો સ્વીકાર કરેલો. **જીવનનો સ્વીકાર કરેલો એટલે કે આ જીવન કે સંસાર મિથ્યા છે એ જાતની ત્યારે કોઈ ભાવનાનું અસ્તિત્વ નો'તું. એ લોકોએ જીવનનો સ્વીકાર કરેલો હતો.**

તે પછીના ગાળામાં એટલે કે શંકરાચાર્યના ગાળાની અંદર આ જગત મિથ્યાનો ખ્યાલ આપણા સમાજમાં પ્રગટ્યો. **પણ તે પણ શંકરાચાર્ય તો** relatively **હતું. ચેતનની અપેક્ષાએ આ જગત મિથ્યા છે. આ સર્વ જગત જે દેખાય છે તેવું નથી. એ તો માત્ર દૃશ્યમાન છે એવું. પણ એની પાછળનું રહસ્ય તો જુદું છે.**

## વેદકાળના ઋષિમુનિઓના જીવનમાં ચેતનનું જ મહત્ત્વ

એટલે અસલના ઋષિમુનિઓએ આ જગત મિથ્યા છે કે સંસાર મિથ્યા છે એવું કહેલું નથી. આપણે જો જુઓ વેદકાળના ઋષિમુનિઓ તો બધા પત્નીવાળા હતા. એમાં મોટામાં મોટા ઋષિ વસિષ્ઠ કહેવાય. એમને પણ પત્ની, ઘણા ખરા ઋષિઓને પત્ની હતી. બાળકો પણ હતાં. ત્યારે કોઈ કહેશે કે ભાઈ, ચેતનમાં નિષ્ઠા પામ્યા તો પછી બાળક કેવી રીતે થાય ? એમને તો કામવાસના હોય નહિ. એમ આપણને એક પ્રશ્ન જાગે. પણ એ એવી રીતે બાળકોની પ્રજોત્પત્તિ કરતા નહિ. કામવાસનાથી પ્રેરાઈને પ્રજોત્પત્તિ એમને થતી નો'તી.

તેમને તો એક જ માત્ર ચેતનની ભાવના કે એક પુત્ર કે પુત્રી કે ફરજંદ હોવું જોઈએ. કારણ કે આ ચેતન અનંત છે. સંસાર પણ અનંત છે અને એ ... એ આ **સંસાર ચાલવાને માટે અથવા પોતાનો જે પોતાની ભાવના છે, પોતાના જીવનના જે સંસ્કાર છેએ સંસ્કાર ઝીલી શકે, એ સંસ્કાર ચાલ્યા જ કરે, એ ભાવના અખંડિત રહ્યા કરે એટલા માટે ફરજંદની આવશ્યકતા. અને જ્ઞાનપૂર્વક, હેતુપૂર્વક જ્યારે એ સંસાર ભોગવતાહોય ત્યારે પણ એમના મનમાં એ જ** Predominant **મહત્ત્વનો વિચાર, ભાવના, કે ચેતન ચેતનથી પ્રગટાવવું. એવી ભાવનાથી જ એ સંસારને ભોગવતા.** કારણ કે એ આપણા.. આપણા conception માં અથવા તો આપણી બુદ્ધિની સમજણમાં કદાચ એ ન ઊતરે તો એ અસત્ય છે એમ માનવાનું કારણ નથી. ઘણી વસ્તુ આપણી બુદ્ધિમાં ઊતરતી નથી તેમ છતાં સત્ય હોઈ શકે છે.ત્યારે એ જે ઋષિમુનિઓ બધા હતા એમણે જીવનનો સ્વીકાર આપણે પણ જીવનનો તો સ્વીકાર કરેલો છે.

## ગુરુપ્રથાનો ઉદ્ભવ જીવનની ભાવનાનું પતન અટકાવવા

**પણ મૂળ** વાત પર હું આવું કે અસલના વખતમાં આ ગુરુની પ્રથા નો'તી **પણ જેમ જેમ ભાવનાનું પતન થતું ગયું તેમ તેમ આ પ્રથા ઉદ્ભવી.** હવે ગુરુના વિષે હું આપને કાંઈક વિસ્તૃત રીતે કહું પણ એ કદાચ આપણા બધાને પૂરેપૂરું સમજાય નહિ.

કેમ કે **ગુરુ એટલે કે જેણે ભગવાનનો અનુભવ કર્યો છે, સગુણ અને નિર્ગુણ બંને પાસાંનો. કોઈકે સગુણનો કર્યો હોય, કોઈકે નિર્ગુણનો કર્યો હોય.** સગુણનો કરે તે નિર્ગુણનો અનુભવ પણ પામી શકે છે અને નિર્ગુણનો અનુભવ કરે તે સગુણનો પણ અનુભવ કરે છે. શંકરાચાર્ય અદ્વૈત હતા. અદ્વૈતવાદી. સંપૂર્ણ નિર્ગુણનો અનુભવ એમણે કરેલો. પણ એવા પણ મહાપુરુષને શ્રીનગરમાં દ્વૈતનો અનુભવ થાય છે. શક્તિનો અનુભવ થાય છે અને ભક્તિના કેટલાં બધાં એમણે શ્લોકો અષ્ટકો લખ્યાં છે.

એટલું જ નહિ પણ જે અદ્વૈતના–સંપૂર્ણ અદ્વૈતના અદ્વૈતવાદી એવા શંકરાચાર્યે પંચાયતનની સ્થાપના કરી. બદરીકેદારએ બધાનો પુનરોદ્ધાર પણ એમણે જ કર્યો. ત્યાં તો પ્રતિમા છે ને ! સંપૂર્ણ અદ્વૈતના જ એ આચાર્ય. એના જેવો કોઈ વેદાંતી આજ સુધી હિન્દુસ્તામનાં પાક્યો નથી. સંપૂર્ણ નિર્ગુણના અનુભવી પણ એને નીચે અવતરણ કરવું જ પડે. કારણ કે એને.. એને... એને grasp એનો સ્વીકાર કોણ કરી શકે ? એણે જોયું કે આ બધાં તો આટલું બધુ તો નહિ સમજી શકે. આ સમાજને સમાજની ભાવનાને પકડવાને માટે એને કોઈ સાધન આપવું જ જોઈશે. અને એ સાધન નહિ આપીએ તો પછી આ ભાવના કયા આધારે ટકશે ? સમાજની. એટલે એણેઆ પંચાયતનની સ્થાપના કરી ગણપતિજી, પાર્વતીજી, હનુમાન, શંકર ભગવાન આ બધાની.

## ૨. વિ-સર્જન - રમેશ મ. ભટ્ટ

તપ અને ત્યાગના એક વીર પુરુષની વાત કરવા માટે આપ સૌની સમક્ષ ઉપસ્થિત થતાં આપ સર્વને હું નમસ્કાર પાઠવું છું. ૧૯૭૬માં ૨૨મી જુલાઈના દિવસે અનરાધાર વરસાદ વરસતો હતો અને વડોદરા પાસેના મહિસાગરના બંને કાંઠા પાણીથી છલકાઈ રહ્યા હતા. એ દિવસે બપોરના બે વાગતાં પહેલા એલેમ્બિકના સંચાલક શ્રી રમણભાઈ અમીનના એક એકાંત બંગલામાં પૂ. મોટા સૂતા હતા. એમની કીડની ફેઈલ થઈ ગયેલી. તે વખતે એમણે એમના અંતેવાસીને એક ચિઠ્ઠી આપી. એ ચિઠ્ઠીમાં એમ લખ્યું હતું કે, ''હવે હું મારું શરીર આનંદપૂર્વક છોડી દેવા માંગું છુ.''હવે હું મારું શરીર આનંદપૂર્વક છોડી દેવા માગું છું અને એ કાર્ય હું ચાર વાગ્યે શરૂ કરીશ. કોઈને ભેગા કરવાના નથી. ફક્ત આ છ માણસોએ જ શરીરનું છેવટનું કામ પતાવી દેવાનું છે. મારી પાછળ ઈંટ-ચૂનાનું સ્મારક કરવાનું નથી. જો કોઈને મારા પ્રત્યે લાગણી અને પ્રેમ હોય તો **ગુજરાતનાં આદિવાસી ગામોમાં—ત્યાંનાં છોકરાંઓને પ્રાથમિક શાળામાં ભણવા માટે, નિરાંતથી બેસવા માટે એક ઓરડો પણ નથી. તેવાં હજારો ગામો છે, એ છોકરાંઓને બેસવાનો ઓરડો મળે એટલા માટે, જો તમને મારા માટે લાગણી હોય તો તમારાથી અપાય તો કંઈક આપજો.''**

એમના અંતેવાસીને એકદમ અચરજ થયું. એમણે કહ્યું કે, ''મોટા, આપ કહો છો એ બરાબર છે પણ વરસાદ ઘણો છે. ચિતા પણ કદાચ નહિ સળગાવી શકાય એવી પરિસ્થિતિ ઊભી થાય.'' તે વખતે, નંદુભાઈએ જે હેવાલ આપ્યો તે મુજબ કહું, તો **પૂ. મોટાએ અંગ્રેજીમાં બહુ સખત શબ્દોમાં કહ્યું કે, ''ધીસ ઈઝ નોટ મેટર ઓફ ડિસ્કશન, ધીસ ઈઝ માય ફાઈનલ ડિસિસન. મારે આનંદપૂર્વક આ કાર્ય—ક્રિયા કરવાવી છે.''** અને ચાર વાગ્યે એમણે પોતે બહુ વ્યવસ્થિત રીતે, જે રીતે પ્રાણ પ્રત્યેક નાડીમાંથી ગતિ કરતો કરતો તેમજ પછીથી જે ઝડપે નીકળવો જોઈએ તે રીતે, દેહત્યાગનું કાર્ય શરૂ કરી દીધું અને રાતના ૧–૩૦ વાગ્યે તા. ૨૩મી જુલાઈએ શરીરમાંથી એ **''સત્ત્વ''** સંપૂર્ણપણે છૂટું પડી ગયું.

**હૃદયસ્થ**

આજે આટલાં વર્ષના ગાળા પછી એ 'મોટા' નથી તેમ નથી. જે પુરુષ ધર્મપુરુષ છે એ કદી ક્યાંય જતા જ નથી. મહાવીર આજે પણ છે, આપણી સાથે છે, આપણી વચ્ચે છે. વધુ સાચું તો એ છે કે આપણા હૃદયમાં છે. આપણા જ જમાનામાં આ જ યુગમાં એક એવી વ્યક્તિ આપણા ગુજરાતમાં જે રીતે જીવન જીવી, એણે જે કાર્ય પોતાના જીવન માટે કર્યું અને એ કાર્ય સર્વ માનવ-જાતિને સુલભ થાય તેવી એણે યોજનાઓ ગોઠવી—એ વિષે મારે આપને આજે કહેવું છે.

**'સમાજ' — પ્રભુનો પર્યાય**

મેં **'પૂજ્ય શ્રીમોટાનું જીવનકાર્ય'** એ વિષય પસંદ કરેલ છે કેમકે, **''જીવનકાર્ય''** શબ્દનો અર્થ કોઈ **'મિશન'** એમ સમજું છું. આ પુરુષનું શું મિશન હતું ? એને શું કરવું હતું ? એક જ વાત સ્પષ્ટ થાય છે કે મનુષ્ય એ પરમાત્માનો જ અંશ છે અને પરમાત્મા એના હૃદયની અંદર બિરાજમાન છે. એને **''એને''** એણે પ્રગટ કરવાનો છે. આ મનુષ્યનું અંતિમ ધ્યેય છે, અને એ ધ્યેયએ પામી શકે એમ છે. પૂ. શ્રીમોટાનું આ મિશન હતું. **''દરેકમાં રહેલો ભગવાન બેઠો થાય.''** પણ એને એવા જમાનામાં વાત કરવાની હતી કે જે જમાનામાં ભગવાનનું નામ જાહેરમાં દેવામાં આવે તો કદાચ કોઈ માણસ કંઈક અવળું—સવળું સમજી બેસે. વળી બીજું, કે **'ધર્મ'** એ અનેક પ્રકારના વ્યૂ—પૉઈન્ટ્સથી એટલો બધો ભેળસેળવાળો શબ્દ બની ગયેલો કે કદાચ અત્યારની ટૅક્નોલૉજીનો યુગ એ વાત નહિ સમજી શકે. એટલા માટે એમણે એક સરસ શબ્દ વાપરેલો. એ કહેતા હતા કે **''મારે 'સમાજને બેઠો કરવો છે.''** આ **'સમાજ' એ એમને મન ભગવાનનો પર્યાય છે.**

**પૂજ્ય શ્રીમોટાનો જીવનસંદેશ, પ્ર.આ., પૃ. ૫થી ૭**

## ૩. હરિસ્મૃતિ – ફાજલપુર

- રમેશ મ. ભટ્ટ

ફાજલપુરની એક બીજી વિશેષતા પણ છે. એક પ્રસંગે રમણભાઈએ આ ફાર્મ હાઉસ કાઢી નાખવાનો વિચાર પૂજ્ય શ્રીમોટાને જણાવેલો. ત્યારે શ્રીમોટાએ કહેલું કે, **"આ સ્થળ સાચવજો. પૂર્વે આ સ્થળે મારાથી અનેક યજ્ઞો થયા છે. એમાં આપ યજમાનપદે હતા."** આ હકીકતનું સમર્થન 'શ્રદ્ધા' પુસ્તકમાં જે શ્રદ્ધાંજલિ આપી છે એમાં સૂચનરૂપે મળે છે. એમાં શ્રીમોટાએ સૂચવ્યું છે કે –

**"કોઈ વાર મળેલાં જે, જીવને આજ શાં મળ્યાં !**
**હેતુ ફળાવવા તેવો થજો તત્પર બેઉ ત્યાં."**

ઉપરાંત **ફાજલપુરનું ફાર્મ હાઉસ એક દિવ્ય પુણ્યસ્થાનક તરીકે મહત્ત્વ પામ્યું.** એ એની સૌથી મોટી વિશેષતા છે. પૂજ્ય શ્રીમોટાએ દેહત્યાગ કરવા માટે **આ સ્થળની પસંદગી કરી.** આ વિધિ માટે રમણભાઈની સંમતિ મંગાવી. ત્યારે રમણભાઈએ કહેલું કે, "મોટાને જેમ ઇચ્છા હોય તેમ એ કરી શકે છે, કેમ કે આ એમનું જ ઘર છે." રમણભાઈનો આવો સમર્પણભાવ એ શ્રીસદ્‌ગુરુના ચરણે પુષ્પ સમાન છે. શ્રીમોટાએ દેહત્યાગ માટેનું સ્થળ અને એ સમયે હાજર રહેવા માટે જે છ વ્યક્તિઓની પસંદગી કરી હતી તે અત્યંત સૂચક હતી, કેમ કે આ વિધિની ગુપ્તતા જળવાય અને અત્યંત ઝડપથી દેહના વિસર્જનની ક્રિયા પૂરી કરાય એવા આજ્ઞાંકિત સેવકો એમણે પસંદ કર્યા હતા. આ બધામાં રમણભાઈ અને ધીરજબહેનની સ્થિતિ કલ્પવી મુશ્કેલ છે, કેમ કે, **શ્રીમોટાનો આદેશ હતો કે "રમણભાઈના પરિવારમાંથી કોઈને પણ આ સ્થળે આવવાની મનાઈ કરવી."** ગુરુની આ ભાવનાનું પણ ઉમળકાથી અને સહેજપણ ખચકાટ વિના રમણભાઈએ પાલન કર્યું. આમ તો અન્ય કોઈ વ્યક્તિને એમ તો થાય કે પોતાના કુટુંબીજનો શ્રીમોટાનાં અંતિમ દર્શન પામે. આવા વલણને રમણભાઈએ અને ધીરજબહેને ઉમળકાથી અર્પણ કર્યું.

**શ્રીમોટાએ ફાર્મ હાઉસને 'હરિસ્મૃતિ'** નામ આપ્યું હતું. એની આરસ-પ્લેટ તૈયાર કરવા આપી હતી, એ દેહત્યાગ પૂર્વે આવી ગઈ. પૂજ્ય શ્રીમોટાએ એ પ્લેટ પોતાના હૃદય પાસે અડકાડીને પાછી આપી. આ રીતે **ફાજલપુરનું ફાર્મ હાઉસ હરિસ્મરણના કેંદ્ર રૂપે પ્રતિષ્ઠિત બન્યું. રમણભાઈએ આજ લગી એ સ્થળની પવિત્રતા અને એનો મહિમા જળવાઈ રહે એવી ચોકસાઈભરી ગોઠવણ કરેલી છે.**

ફાજલપુરનું ફાર્મ હાઉસ **'હરિસ્મૃતિ'** રૂપે પ્રતિષ્ઠા પામ્યું છે, કેમ કે એમાં શ્રીમોટાએ પોતાના પાર્થિવ દેહનો આનંદપૂર્વક પોતાની મેળે ત્યાગ કરવાની વિધિ કરી હતી. **તા. ૨૨ મી જુલાઈ, ૧૯૭૬ની સાંજે જ ૪ વાગ્યે આ વિધિનો આરંભ થયો હતો અને તા. ૨૩મીએ વહેલી સવારના ૧-૩૦ વાગ્યે અંતિમ શ્વાસ મૂક્યો હતો.** આ સમગ્ર વિધિ શ્રીમોટામાં પ્રગટેલા પરમાત્માની આનંદ-લીલાની અભિવ્યક્તિ હતી. **"પ્રભુની પૃથ્વી પર પધરામણી કરી છે એ મતલબની વાત ૧૯૭૫માં પૂજ્ય શ્રીમોટાએ રમણભાઈને કરી હતી."** પૂજ્ય શ્રીમોટાનો આનંદપૂર્વકનો દેહત્યાગ પૃથ્વીના વાતાવરણમાં પરમાત્માના અનુભવની સંભાવના **માટેની સમર્પણ આહુતિ છે.** આવી અલૌકિક આનંદશીલાનો આવિર્ભાવ જે સ્થળે થયો તે તથા એ સ્થળ સાથે સંકળાયેલા બધા જ જીવો પરમ સદ્‌ભાગી બન્યાં છે.

શ્રીમોટાના દેહત્યાગ દરમિયાન ભારે વરસાદ હતો અને પૂરને લીધે મહી નદીએ સાગરનું રૂપ ધારણ કર્યું હતું. અગ્નિ–સંસ્કારના સમયે વરસાદ થંભી ગયો હતો, પરંતુ મહી નદીમાં ધોધ બંધ પાણી વહેતાં હતાં. એના કિનારે **શ્રીમોટાના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર રમણભાઈના હસ્તે થયો.** રમણભાઈનું આ પરમભાગ્ય હતું. **ગુરુ માત્ર દેહ નથી પણ આપણામાં રહેલા શુભ સંસ્કારોને જાગ્રત કરીને ઈશ્વર પ્રત્યે પ્રેરનારી દિવ્ય ભાવના છે.** રમણભાઈના હસ્તે ગુરુના દેહને અગ્નિરૂપ

(અનુસંધાન પાન નં. ૧૨ ઉપર)

## ૪. શ્રીમોટાના લોકકલ્યાણનો ગોવર્ધન તોળાયો — સંકલન

પૂજ્ય શ્રીમોટાની ગુરુમહારાજને યાદ આવી ગઈ અને શ્રીમોટાની સમક્ષ તેઓ આવીને જાણે હાજર થયા અને કહ્યું, "તેં મૌન મંદિરની રચના કરીને તેથી તારી ઉપર બહુ રાજી થયો છું. ઈશ્વરનું નામ લઈને તું તો બેઠો થઈ ગયો છે, હવે તારે લોકોને બેઠા કરવાના છે. એ કામ ઉપાડ..."

ત્યારે શ્રીમોટાએ વિચાર કર્યો કે, ગુરુ મહારાજ તો હુકમ કરીને અંતર્ધાન થઈ ગયા. બી જેમ વવાઈને એકમાંથી અનેક કરે છે તેમ મારે પણ એકમાંથી અનેક કરવાના છે. ગુરુ મહારાજે, પ્રેરણા આપી.

શ્રીમોટા આ બાબતમાં ઊંડાણથી વિચાર કરતા એમને લાગ્યું કે જ્યાં સુધી મનુષ્યનો ગુણ વિકાસ નહીં થાય ત્યાં સુધી ભાવ નહીં જાગે. ભાવ નહિ જાગે તો ત્યાં સુધી સદ્‌ભાવ કેવી રીતે આવશે ? એટલે—

(૧) બાળકોને નાનપણથી જ સત્ય, સાહસ, હિંમત, ધીરજ, સહનશીલતા, ઉદારતા, પ્રામાણિકતા આદિ ગુણો પ્રગટે તે માટે, ભણતર મળે તે માટે, પ્રાથમિક શાળાના ઓરડા બંધાવવા તેમજ બાળકોને ઉત્કૃષ્ટ વાંચન વંચાવવામાં આવે માટે બાળકો જ્ઞાન વિજ્ઞાનમાં રસ લેતા થાય, સમજતા થાય. તેના પ્રયોગો કરતા થાય, તેવાં પ્રકારનાં સાહિત્યનાં પુસ્તકો શ્રીમોટાએ તૈયાર કરાવ્યા.

(૨) પૂજ્ય શ્રીમોટાએ ખેતીવાડી સમૃધ્ધ કેવી રીતે બને કે જેથી લોકો ખાતા-પિતા થાય અને મહેનત કરવાની શક્તિ અને તાકાત હશે તો માણસ કશું કરી શકે. જેથી ખેતીવાડી વિષયના જાણકાર હોય તેઓ સંશોધન કરીને ખેડૂતોને જાણકારી આપી શકે કે જેથી ઓછી જમીનમાં વધુ અનાજ કેમ પાકે તેવા સંશોધનો કરનારને, પ્રોત્સાહિત ઇનામોની યોજના કરી.

(૩) જનસમુદાયની બીમારી ઘટે અને તંદુરસ્તી વધે તે માટે એલોપથી, આયુર્વેદ અને હોમિયોપથીમાં સંશોધન કરવા માટે અગત્યની ગણી શકાય તેવી સંસ્થાઓને નાણાં આપીને પ્રોત્સાહિત કર્યા.

(૪) બાળકોનાં શરીર સુદૃઢ થાય, કિશોર-કિશોરીઓ, કુમાર-કુમારીકાઓ, યુવક-યુવતીઓના શરીર કસાય, પોતાનું રક્ષણ પોતાની જાતે કરી શકે અને સુદૃઢ અને કસાયેલ શરીરથી તેઓ સાહસ કરવા પ્રેરાય. તે માટે દોડ, સાઈકલ હરીફાઈ, નદી અને દરિયામાં તરણ સ્પર્ધા, સ્નાનાગારો, નદી અને સમુદ્રમાં હોડી હરીફાઈઓ વગેરેની યોજના ઘડી અને તેના માટે શ્રીમોટાએ લાખો રૂ.ના દાન કર્યા.

(૫) પોતાના જીવનની પરવા કર્યા વિના જેઓ બહાદુરી, સાહસ, શૌર્ય, પરાક્રમ, પ્રમાણિકતા દ્વારા સમાજને પ્રેરણા રૂપ બને એવા કર્તવ્યો કરે. પૂરમાં તણાતા લોકોને બચાવે, આગ લાગી હોય તો બળતાને બચાવે, એકલે હાથે વાઘ, સિંહ વગેરે જેવા રાની પશુઓનો સામનો કરે, ચોર-લુંટારા, ડાકુઓનો સામનો કરીને પાછા પાડે. રસ્તા, બસ, રિક્ષા કે ગાડીમાંથી નાણાં મૂળ માલિકને પરત કરે. આવા પ્રકારના શ્રેષ્ઠ કાર્યો કરે તે માટે પુરાણી પારિતોષકોનું આયોજન પણ શ્રીમોટાએ કર્યું છે.

શ્રીમોટાએ ઉપરોક્ત ઉપરાંત સમાજનો ઉત્કર્ષ થાય તેવા કાર્યો કરતી સંસ્થાઓને શ્રીમોટાએ આગવું આયોજન કર્યુ છે. જેમાં તેઓના નામને આગળ કર્યા સિવાય હરિઃૐ આશ્રમને નામે જ કાર્યો કર્યા છે. તેમજ સઘળું પરમાત્માના પુનિત નામને આભારી ગણીને જનતા જનાદર્નને ચરણે ધર્યું છે. તેઓ કહે છે કે, લોકોએ આપ્યું અને લોકોને માટે મેં વાપર્યું છે.

વામન ભગવાનના ત્રણ પગલાંની વાત સૌ કોઈ જાણે છે. જેમાં પહેલા પગલામાં પૃથ્વી, બીજા પગલામાં આકાશ અને ત્રીજા પગલામાં પાતાળ. આમ ત્રણ પગલાંમાં આખું વિશ્વ આવરી લીધું.

**તેવી જ રીતે શ્રીમોટાના ગુરુ મહારાજના આદેશો પણ વામનના ત્રણ પગલાં સમાન હતાં. પહેલે પગલે તેમણે ગુણની વાત કરી કે જેથી ભાવ અને ભક્તિ જાગે. બીજા પગલે તેમણે ગુણોનો વિકાસ થાય અને ત્રીજે પગલે ભગવાનના નામની વાત કરી જેથી જીવન સાફલ્ય થાય.**

શ્રીમોટાએ ગુરુમહારાજનાં ત્રણેય આદેશો પાર પાડી એક નાનકડા માણસમાં કેવી વિરાટ શક્તિ રહેલી છે તેનું દૃષ્ટાંત સમાજને પૂરું પાડ્યું છે. કહેવા કરતાં કરવું ભલુ તે ઉક્તિને ધ્યાને લઈને બોલ્યા વિના કરેલ કાર્યોએ તેમને **'શ્રીમોટા'** બનાવ્યા છે. એજ એમની દેશને મોટી દેણ છે.

શ્રીમોટાને પૂર્ણ શ્રદ્ધા હતી કે જે હજાર હાથવાળો સંકલ્પ કરાવે છે તે જ હજાર હાથવાળો હજાર હાથ દ્વારા પૈસા પણ અપાવશે જ. અલબત્ત એને માટે કડી મહેનત કરવી પડશે, જાતને નીચોવી નાખવી પડશે.

શ્રીમોટાએ નક્કી કર્યું કે જેઓ મને ઘેર બોલાવવા ઈચ્છતા હોય તેમને ઘેર હું જરૂર જાઉં અને તેઓ પોતે તો મને દક્ષિણા આપે જ પરંતુ તેની સાથે તેમના સ્નેહીજનો પાસેથી પણ નાણાં ઉઘરાવી આપે. શ્રીમોટાને બોલાવવા ઘણા બધા ઈચ્છતા હતા જેથી શ્રીમોટાના નાણાં માટેના દ્વાર ખૂલી ગયા. કાંકરે કાંકરે પાળ બંધાય તેવી રીતે શ્રીમોટાની ઝોળી ભરાવા માંડી.

શ્રીમોટાને ઉત્સવનું મહત્ત્વ એટલા માટે હતું કે એ નિમિત્તે સૌ સ્વજનો ભેગા થાય અને તેમના લોક કલ્યાણના કાર્યો માટે પૈસા મળી રહે તે મહત્ત્વનું હતું.

શ્રીમોટાને તેમના માટે કે આશ્રમને માટે પૈસા નહોતા જોઈતા પણ લોક કલ્યાણના કામો માટે જ પૈસા જોઈતા હતા. લોકોએ તે પ્રેમપૂર્વક આપ્યા. **શ્રીકૃષ્ણે હજારો ગોવાળિયાની સહાયથી ગોવર્ધન પર્વત તોળેલો તેમ હજારો લોકોની સહાયથી શ્રીમોટાના લોકકલ્યાણનો ગોવર્ધન પણ તોળાયો.**

શ્રીમોટાનો છેલ્લો ઉત્સવ ટાઉનહોલ સ્વજનોથી ચિક્કાર ભરાઈ ગયો કેમકે હવે પછીથી મોટા જાહેરમાં હાજર રહેશે નહીં. જેથી સૌ તેમને જોવા ઉત્સુક હતા અને સાંભળવા આતુર હતા.

શ્રીમોટાને બોલવાની પળ આવી ત્યારે ટાંકણી પડે તો ય અવાજ સંભળાય એટલી બધી શાંતિ થઈ ગઈ. શ્રીમોટાએ કહ્યું, **"તમે મને આટલી બધી સંખ્યામાં મળવા આવ્યાં છો તેથી મને ખુશી થાય છે. પણ મને ખરી ખુશી તો ત્યારે થાય જ્યારે ભગવાન માટે ખરેખરો ભાવ તમને થાય. તમે મળ્યાં છો તો મળી જાણજો."**

"તમારી પાસે વારંવાર હું પૈસા એટલા માટે માગું છું કે મારે સારાં કામો કરવાં છે. આ મારો છેલ્લો ઉત્સવ હોઈને ભાઈઓ અને બહેનો તમે મને મન મૂકીને આપજો. તમે મને પૈસા તો આપવાનાં જ છો, પણ પૈસાથી હું ધરાઉં એવો નથી. મારે તો ઘરેણાં જોઈએ છે માટે બહેનો તૈયાર રહેજો."

શ્રી મોટાની અર્પણ વિધિ વખતે ભાઈઓ અને બહેનો સૌ શ્રીમોટાને રૂપિયાની નોટોના કવર સાથે જ ઘરેણાં આપવા માટે બહેનો હારમાં ખડી થઈ ગઈ હતી.

એક વખત મણિનગરમાં ઉત્સવ ઊજવવાનો હતો. ત્યારે શ્રી ચંદુભાઈ ભાવસારનાં પત્ની શારદાબહેન નડિયાદ આશ્રમે આવેલા ત્યારે તેમને શ્રીમોટાએ કહેલું કે શારદા, અમે ગરીબ માણસ એટલે બાપદાદાની વારીથી કોઈ દિવસ ઘરેણાં પહેર્યાં નથી. આ વખતે મને ઘરેણાંથી એવો શણગાર કે મારો ઘરેણાં પહેરવાનો અભરખો પૂરો થાય.

શારદાબહેનને શ્રીમોટા માટે અનહદ ભાવ એટલે શ્રીમોટા ઈચ્છા કરે અને પછી તે હાથમાં ઝાલ્યાં રહે ? શારદાબહેન, મંજુલાબહેન, મંગળાબહેન, શ્રી રતિભાઈ પટેલનાં પત્ની સવિતાબહેન, શ્રી રમેશ ભટ્ટનાં પત્ની અરુણાબહેન વગેરેએ કોણે કયું ઘરેણું કરાવવું તે નક્કી કરીને

ઘરેણાં બનાવડાવ્યાં અને ઉત્સવના દિવસે બધાંએ તે ઘરેણાં શ્રીમોટાને પહેરાવ્યાં.

શ્રીમોટા આ ઘરેણાં પહેરીને ઉત્સવમાં એમના સ્થાને બેઠા ત્યારે તેઓ ઘરેણાંથી ઓપતા હતા. હાથની આંગળીએ સોનાના વેઢ હતા. કાંડે પહોંચી હતી. બાહુમાં બાજુબંધ હતા. પગની આંગળીઓએ સોનાની અંગૂઠીઓ હતી. કેડમાં સોનાનો કંદોરો હતો. કાનમાં સોનાનાં લવિંગિયા હતા. શ્રીમોટાને ઘરેણાંથી ઘરેણાં આપનારાઓએ મઢી દીધા હતા.

શ્રીમોટાને ઘરેણાંની ભૂખ નહોતી. પરંતુ તેમને તો લોકકલ્યાણના કામ માટે પૈસા જોઈતા હતા જેથી ઘરેણાંનું તો એમણે નિમિત્ત ઊભું કર્યું હતું. તેમણે સૌને ઘરેણાં પાછાં આપી દીધા અને તેની જે કિંમત હતી તે તેમણે લઈ લીધી.

આ જ મણિનગરના ઉત્સવમાં એસ.ટી. વર્કશોપમાં ઈલેક્ટ્રિશિયન તરીકે નોકરી કરતાં અનિલભાઈની સ્થિતિ સામાન્ય હતી તેમ છતાં તેમના પત્ની રમાબહેને બે બંગડીઓ શ્રીમોટાને આપી. ત્યારે શ્રી સોમાકાકા (શ્રી સોમાભાઈ ભાવસાર) એ કહ્યું, રમાબહેન પહેલાં ઘર સંભાળો પછી શ્રીમોટાને આપો. ત્યારે તેમણે તરત જ જણાવ્યું કે, એક બાપાએ મને સોનાની બે બંગડીઓ આપી અને બીજા બાપાને તે મેં આપી દીધી. એમને શ્રીમોટા ઉપર કેવો સમર્પણ ભાવ હશે ? કોઈકને જરાક જેટલું આપતાં લાખવાર વિચાર કરીએ છીએ જ્યારે તેમણે શ્રીમોટાને સોનાની બે બંગડીઓ આપી દીધી.

શ્રીમોટાના લોકકલ્યાણનો ગોવર્ધન તોળવાનાં આવાં કેટલાયના ભાવ અને સમર્પણનો ફાળો હશે તે કોણ જાણે ! ધન્ય છે એ ત્યાગ અને સમર્પણ કરનારાઓને !

(**સંકલન :** શ્રી રાજેન્દ્ર રાવલ, માનદ્ તંત્રી, પુસ્તક : ગુજરાતની સંત વિભૂતિ, શ્રીમોટા પ્રકરણ ‘મારે સમાજને બેઠો કરવો છે’. પૃષ્ઠ-૨૬૦ થી ૨૬૯.

(અનુસંધાન પાન નં. ૦૯ ઉપરથી ચાલુ)

આપવાનું બન્યું અને ગુરુના આદેશ મુજબ એમના અસ્થિ તથા રાખનું પૂરેપૂરું વિસર્જન મહી નદીમાં થવા દીધું. એ પછીનાં વર્ષોમાં રમણભાઈ, શ્રીમોટાની સૂક્ષ્મ દિવ્ય ભાવનાઓનો સતત અનુભવ કરતાં કરતાં હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ અને ભક્તિનો ભાવ અનુભવવા લાગ્યા.

**૧૯૭૬ પાંચમી વડોદરામાં** યોજાયેલી શ્રદ્ધાંજલિ સભામાં તથા રણોલીમાં શ્રીમોટાના ઊજવાયેલા એક ઉત્સવમાં રમણભાઈએ હાજરી આપેલી એ અપવાદને બાદ કરતાં એ પછી તેઓશ્રી કદી પણ જાહેર જીવનમાં પ્રવેશ્યા નથી. સહજ રીતે એસોસિયેશનો પરના પોતાના હોદ્દા ત્યજતા ગયા અને એમનું જીવન અંતર્મુખ બનતું ગયું. ધીરજબહેનના અવસાન પછી તો એમનું હૃદય અતિ મૃદુ અને ભાવભીનું રહ્યા કરતું હતું. ધીરજબહેનના એક પ્રશ્નના જવાબમાં દેહત્યાગ પછી શ્રીમોટા કેવી રીતે મળશે એ સમજાવાયું હતું. એમાં શ્રીમોટાએ પોતાના આ પ્રકારના સૂક્ષ્મ સ્વરૂપથી હૃદયમાં પ્રવેશવાની વાત સ્પષ્ટ કરી હતી.

આ રીતે ફાજલપુરનું ફાર્મ હાઉસ **‘હરિસ્મૃતિ’** રૂપ બન્યું અને રમણભાઈનું જીવન શ્રીહરિનો જય થાય એવી ભાવના તરફ વેગવંત બન્યું. આથી જ રમણભાઈ એમના પત્રોમાં લિ. રમણભાઈના ‘જયશ્રીહરિ’ એમ લખતા હતા.

**ફાજલપુરને પ્રણામો**

(ગઝલ)

મળ્યું રળિયામણું કેવું હૃદય એકાંત ફાજલપુર,
દરેક એકાંતનું જાદુ જુદું જુદું શું ભરપૂર !
લખાઈ જ્યાં ગીતા મુજથી શું અન્વેષણ જહીં થયું છે !
કંઈક શ્લોકો તણું હાર્દ છતું જ્યાં દિલ થયેલું છે.
શરીરનાં દર્દનાં શૂળ થવાં હળવાં હૃદય મુજને
-જહીં સાધન ભજન દિલથી ઊગ્યું લલકારવાને તે.
તહીંથી શાં ભજન મુજથી લખાવાનું શરૂ થઈને,
હજીયે યજ્ઞ ચાલુ શો રખાવ્યાં તેં કરેલો છે !
હૃદય એવાં જ એકાંત હૃદયથી મ્હાલી જાણ્યાં જે,
હૃદયના ભક્તિભાવે હું પ્રણામો તો કરું તેને.

**શૂન્યના સાથી ‘જીવનતપ’, પૃ. ૩૫ — શ્રીમોટા**

# ૫. ગુરુમહારાજનું બદલો આપવાનું વચન — શ્રીમોટા

જગતમાં લેણ ને દેણ બે વસ્તુ રહેલી છે. મારી પાસે એકમાત્ર લેવાની શક્તિ છે, દેવાની શક્તિ નથી. મેં ભગવાન પાસે એવું કંઈ માગ્યું નથી.

**આશ્રમ શરૂ કરવાનો હુકમ મળ્યો ત્યારે મેં ના પાડી દીધી હતી કે હું નહીં કરું. મારે માત્ર પૈસા જ લેવાના અને જો બદલો વાળી નહીં શકું તો એ મને ફાવશે નહીં. જગતમાં લેવું અને દેવું એ રહેલું છે. એટલે હું લઉં અને કંઈ આપી ન શકું એ બને નહીં.** એટલે ગુરુમહારાજે કહ્યું કે, **"દીકરા ! તું ચિંતા ન કર. તું તારે આશ્રમો શરૂ કર. તારે ઘણાં કામ હજુ કરવાનાં છે. આશ્રમોને લીધે તે થશે, માટે તું આશ્રમો શરૂ કર અને જે કોઈ મદદ કરશે એને કોઈ ને કોઈ રીતે હું બદલો વાળી આપીશ. બદલો આપવાનું કામ મારું છે."** ત્યાર પછી આશ્રમો શરૂ કર્યા અને બદલો તો મારો હજાર હાથવાળો ભગવાન આપે છે. બદલો આપવાની તાકાત મારામાં નથી. **જે કોઈ પૈસાથી-લક્ષ્મીથી-મદદ કરે તેને લક્ષ્મી જ મળે એવું કશું નથી. ભગવાનની બદલો આપવાની રીત અનોખી છે — નિરાળા પ્રકારની છે.**

પણ અત્યાર સુધીના જીવનમાં **એ મેં અનુભવ્યું છે કે જેણે જેણે મને મદદ કરી છે તે બધાંને કોઈ ને કોઈ બદલો મળ્યા સિવાય રહ્યો નથી. એ વાત સો એ સો ટકા સાચી છે. એમાં એક અક્ષરની પણ અતિશોયક્તિ નથી.**

એટલે જ કોઈ મને મદદ કરે છે તેને માટે હું તો નિશ્ચિત રહું છું. **ભગવાન બદલો આપશે તેની પણ મને ખાતરી છે.** તેમ છતાં મારો પોતાનો ધર્મ છે કે જ્યારે એક જૂદું અસ્તિત્વ શરીરનું આ જીવને મળેલું છે ત્યારે એનો અર્થ પણ એણે અદા કરવો એ પણ એક સમજવા જેવી વાત છે. **એટલે હંમેશાં જે કોઈ મારા આશ્રમને કે મારા પરમાર્થનાં કામોમાં મને મદદ કરે છે તેમને માટે મારું દિલ બહુ કૂણું-કુમળું રહે છે, એટલું જ નહીં, પણ એને માટે મારા ભગવાનને પ્રાર્થના કર્યા સિવાય રહી શકતો નથી.** હું જગતને સત્ય તરીકે સ્વીકારું છું. Reality તરીકે, વાસ્તવિકતા તરીકે સ્વીકારું છું. એટલે જે કંઈ બચ્યાં કરે છે એ પણ વાસ્તવિક છે. **એટલે મને જે કોઈ મદદ કરે છે તેને માટે પાર્થના કર્યા સિવાય રહેતો નથી. ભગવાનની રીત ન્યારી છે.** ભગવાન અમુક રીતે મદદ કરે છે એવું પણ નથી.

મેં કેટલાય કિસ્સા જોયા છે કે કેટલાકને દુઃખ અને દર્દમાં પીડાયેલાજ રાખે, કેટલાકને ભરપૂર એશઆરામ મળે, કોઈકને ગરીબીમાં જ સબડતા-રિબાતા રાખ્યા કરે. ત્યારે આપણને એમ થાય કે આ પણ ભગવાનનો ભક્ત. અને આયે ભગવાનનો ભક્ત : એક દુઃખદર્દથી પીડાય છે, એક એશઆરામમાં છે અને એક ગરીબીમાં છે. આ તે ભગવાનનો કેવો ન્યાય ? ભગવાનને ત્યાં કોઈ ન્યાય, અન્યાયનાં માપ નથી. ન્યાય, અન્યાય તો પ્રકૃતિમાં રહેલાં છે. ત્યારે ભલે એમ એ પ્રકૃતિમાં રહેલાં હોય ! પણ કોઈ બિચારો દુઃખ-દર્દથી પીડાતો હોય છે. હવે એ કેમ પીડાતો હોય છે અને કેમ નહીં-એનું ધોરણ, એની સમજણ બધી જુદી છે. અહીં એ લખવા માટેનું સ્થાન નથી, પણ હકીકત આમ છે ખરી. એવા બધા જ લોકો ભક્ત હોય છે. પણ एनी- ભગવાનની - રીત બધી ન્યારી છે.

**તા. ૭ સપ્ટેમ્બર, ૧૯૭૪** **'ભાવપુષ્પ'**
**હરિઃૐ આશ્રમ, સૂરત** **લેખકના બે બોલ**

## ૬. લેખકનું કથન – જીવન સંશોધન – શ્રીમોટા

પ્રભુકૃપાથી ૧૯૩૯થી **આ જીવ** કને કોઈક ને કોઈક આવતું રહે છે. જીવનના આત્યંતિક વિકાસના હેતુ અર્થે તો બહુ ઓછા આવતા હોય છે. જે જે સ્વજન મળેલાં છે, તે તે સ્વજન કોઈક ને કોઈક હેતુની સંકલના સાથે મળેલાં છે. જીવનવિકાસનો પંથ ઘણો ઘણો સાંકડો અને સીધાં ચઢાણવાળો છે. એ પંથે ધપવાને કાજે સર્વ ભાવે ને સર્વ રીતે દિલથી ફના થઈ જવાની હૃદયની ઉમળકાભેર તૈયારી અને હૃદયમાં હૃદયની ઝંખના ને તલસાટયુક્ત ઉત્કટતાવાળી તત્પરતા જો જીવતાજાગતા પ્રમાણમાં હોતાં નથી તો એવા જીવોને માટે ઊંચે પ્રયાણ કરવું ઘણું ઘણું અઘરું હોય છે. વળી તે માટેના થવા ઘટતા જ્ઞાનભક્તિપૂર્વકના અભ્યાસની જ મૂળમાં 'ખાટલે ખોડ' હોય તોપણ આગળ પ્રગતિ થઈ શકતી નથી. શરૂશરૂમાં કોઈ જીવપ્રકારના આવેશ ને આવેગયુક્ત મન અને પ્રાણના વલણ (moods) ને કારણે તેઓએ **આ** માર્ગે આવવાનું કર્યું હોય છે અને તે જાતની તેમની જાગેલી વૃત્તિ મંદ પડી જતાં તે બધા ઠેરના ઠેર રહે છે. આગળ કશો ખરેખરો પ્રયત્ન બનતો નથી અને સદ્‌ગુરુ કાજેનું પ્રેમભક્તિજ્ઞાનની ભાવનાપૂર્ણ થનગનતું, સ્વીકારયુક્ત દિલ પણ હોતું નથી. વળી તેવો તેમના હૃદયથી સત્-પ્રયત્ન કેળવાતો જતો પણ અનુભવી શકાતો નથી; તેમ જ કોઈક મથતા જીવના થતા રહેતા તેવા પ્રયત્નમાંથી હજી કોઈ ચેતનપ્રાણ પ્રકટતાં નથી, અને તેમની જીવનવિકાસ પરત્વેની ઝંખનામાં કોઈ પણ પ્રકારનો હૃદયનો તલસાટ અનુભવાતો નથી. તેવા લોક સદ્‌ગુરુનું મૂલ્ય આંકવાને અનધિકારી છે. વળી, બીજા સંસારી કામનાવાળા જે લોક છે તે તો કામનાર્થે મળેલા હોય છે, ને તેમની કામનાનો તો અંત હોતો નથી. આવા લોક તો સાવ સ્વાર્થી હોય છે; તેમને માટે તો જીવનનાં ત્યાગ, બલિદાન, સમર્પણ થવાં શક્ય હોતાં નથી, તો પછી એનું મૂલ્યાંકન તો કરી જ ક્યાંથી શકે ? આવા બે પ્રકારનાં મળેલાં સ્વજનનાં જીવનને જોઈને અથવા તેમનાં કોઈ પ્રકારનાં સ્ખલનો જોઈને કોઈક જીવ કોઈકનું મૂલ્ય આંકવાનું પણ કરતા જાણ્યા છે. એ પણ એક પ્રકારનું કૃપાપ્રસાદીરૂપી તપ છે. **પ્રભુ મળેલાં સ્વજનનાં દિલમાં એકનિષ્ઠા, વફાદારી, જીવનના ઉચ્ચ પ્રયાણમાર્ગ પરત્વે સર્વ ભાવે સર્વ રીતે જ્ઞાનપૂર્વક ફના થવાની ઉત્કટ ઝંખના પ્રકટાવે એવી પ્રાર્થના છે.**

**– મોટા**

*('જીવનસંશોધન' ત્રીજી આ., પૃ. ૪-૫)*

### કસોટીના કાળે જાગ્રત થાઓ

એટલે આપણે તો એ આનંદનો ભાવ એકધારો સતત આપણા આધારમાં જીવતોજાગતો રહ્યા કરે એ જોવાનું છે. એવું ન અનુભવાય ત્યાં સુધી આપણને કશી સાચી પ્રાપ્તિ થઈ નથી એમ જાણવું. મનાદિકરણને ધ્યેયથી બીજા કશામાં ફંટાઈ જવાના પ્રસંગ પ્રકટે તે તો ખરેખરા કસોટીના પ્રસંગ છે. કસોટી કાળે જે જીવ જાગ્રત બને છે તે જ જીવી શકે છે. તેવા કસોટીના કાળે આપણે કેટલા પ્રમાણમાં જાગ્રત રહીએ છીએ તેના પરથી આપણી જીવનકક્ષા વિષે ને આપણા ધ્યેય તરફ જવાની તમન્ના વિષે આપણને સાચો ખ્યાલ પ્રકટે છે. કસોટીમાં આપણને સાચું ભાન કેટલું જીવતુંજાગતું રહે છે, તેના પરથી આપણી સાધનાનું માપ આપણને મળી રહે છે. માટે આડી-તેડી વાતો કરવામાં કે એવી બીજી કોઈ બાહ્ય પ્રકારની આડફંટે લઈ જતી પ્રવૃત્તિ કરવામાં મન જાય ત્યારે જાગ્રત બનીને તટસ્થતાથી તેમ ન થવા દેતાં, માત્ર હૃદયમાં વધારે રસ-પૂર્વક આપણે આપણાં કરણોનું ધ્યાન દોરવાનું છે.

*('જીવનસંશોધન', ત્રીજી આ., પૃ. ૧૨-૧૩)*

# ૭. નકારાત્મક વૃત્તિને પ્રેમભરી વિદાય — શ્રીમોટા

આપણામાં સામાના વલણવર્તનથી જે પ્રત્યાઘાત થાય—શરૂઆતમાં તો ઘણા થશે—તેને પ્રેમપૂર્વક વિદાય આપવાની કળા આપણે હસ્તગત કરી લેવી જોઈશે. તે ઉપરાંત દિલમાં કે મનમાં જે જે કંઈ ચાલતું હોય તેને પણ એવી રીતે પ્રેમપૂર્વક વિદાય આપવાની કળા પામી લેવી જોઈશે. એટલે કે **જે કંઈ વિચાર, જે કંઈ વૃત્તિ, જે કંઈ લાગણી, જે કંઈ ભાવના ઊગે તેની તેની આનુષંગિક પરંપરા આપણે પોતાની મેળે થઈને સમજી સમજીને પ્રકટાવતા ન રહેવું. આપમેળે તે પસાર થયા કરે તે જોવાને જ્ઞાનપૂર્વક જાગતા રહેવું.** આવો જ્ઞાનપૂર્વકનો અભ્યાસ કેળવાઈ જતાં, એમ થતાં થતાં, આઘાત-પ્રત્યાઘાત સમૂળગાયે થશે નહિ અને જીવનમાં વધારે ને વધારે અંતર્મુખતા પ્રાણવાનપણે પ્રકટતી જવાની છે. જીવનના અનેક પ્રકારના હલનચલનમાંથી આપણે પાછા હઠવાનું છે. કૃત્રિમ દબાણથી એ બધું કંઈ કશું વિદાય નહિ લઈ શકે. એને તો આપણે સમજી સમજીને ધ્યેયની ગરજને પ્રકટાવી પ્રકટાવીને તેનું ખરેખરું મહત્ત્વ જો દિલમાં પ્રકટાવી શકીશું તો ઉપર પ્રમાણે વર્તી શકાવાનું છે તે જાણશોજી. દાખલા તરીકે કેટલાક લોક મને કંઈ કંઈ કહેતા. તેનું પરિણામ અંતરમાં તે સાધનાકાળના સમયમાં ન અસર પાડી શકે ને એવી વૃત્તિને પ્રેમથી વિદાય આપી દેખાય તે સારુ કંઈક કંઈક પદ્યો પણ રચી દેતો. તેમાંનું એક લખી મોકલું છું :

જગતજનને —

ગઝલ

**તમે લોકો કહો છો કે ''રહે છે બેફિકર શાને ?''**
**નથી તે યોગ્ય તુજ કાજે જગતમાં જ્યાં સુધી તું છે.**

**ચલવવો જોઈએ પ્રેમે સકળ વ્યવહારને તારે,**
**ન ચાલે નાહી નાખ્યે ત્યાં રહ્યો છે જ્યાં તું સંસારે.**

**જતો ના કોની મદદે તું તને પછી સહાય શેં શકશે ?''**
**ન સમજો આ વિષે પૂરું દઉં ઉત્તર તમોને શું ?**

**તમારું છોરુંજાણીને ક્ષમા કરશો કહું જે હું.**
**''તમારું, મારું ને જગનું ચલાવે તંત્ર જે સહુનું,**

**કરું તેને જ સોંપી એ બધું સંભાળવું મારું.''**

અને હવે પેલી જૂની 'જિગર' વાળી ગઝલ :

ગઝલ

**જિગર વિના જિગર ભીનું, જિગરનો પ્રેમ ન્યારો છે,**
**જિગરનો પ્રેમ જો જુદો, જિગરને તોય ચ્હાવો છે.**

**જિગરના પ્રેમની પ્રાપ્તિ થઈ ના, તો જીવન મિથ્યા;**
**મળે તે, ત્યાં સુધી કર્મે ઝઝૂમવાનું લખાયું હા !**

**જિગરના પ્રેમજાદુથી સદા ભુરકાઈ રહેવાનું;**
**હૃદયના પ્રેમના ઐક્યે જિગરમાંહી સમાવાનું.**

**હૃદય અમ પ્રેમના રસથી સદા જોડાયેલાં રહેશે,**
**જીવન તો એક છે, છોને જિગરના દેહ જુદા છે.**

**ભલે મૃત્યુ, ભલે સ્વર્ગે, ભલે જ્યાં હો જવાનું ત્યાં,**
**અમે તો સાથ ર્‌હેવાના, અમે સાથે જ ઊડવાના.**

**પરસ્પરને અમે ચાહી પ્રભો, તુજને જ ચાહ્‌વાનું**
**અમે શીખીએ, વળી તુજમાં મળી તુજ યંત્ર બનવાનું.**

**અમારા પંથમાં કાંટા ફૂલોની જેમ લાગે છે,**
**અમારી સ્વર્ગની દુનિયા અમારો રાહ ન્યારો છે.**

**સદાયે પ્રેમમસ્તીમાં અમારે બસ ર્‌હેવું છે,**
**શરાબે પ્રેમ મહોબ્બતના નિશે, બસ ડૂલ ર્‌હેવું છે.**

**ખુવારીના અખમે પંથે પળેલાની ખુમારીને**
**મહોબ્બતની મીઠી લહજ્જત જિગર સમજે,**
**જિગર જાણે.**

*('જીવનસંશોધન' ત્રીજી આ., પૃ. ૩૩-૩૫)*

## નકારાત્મક લાગણીનો પણ સદુપયોગ થઈ શકે

કોઈક એવો પ્રસંગ બને કે તેથી આપણને ઘણો આનંદ થાય, તો તે લાગણીના બળ વડે તે વેળાએ સ્મરણભાવ ધારણામાં, પ્રાર્થનામાં કે ધ્યાનમાં કે એવા સાધનના અભ્યાસમાં વધારે પ્રવૃત્ત બનવાનું છે. શોક થાય તે પણ એક પ્રકારની લાગણી જન્માવે છે. **તે લાગણી જ્ઞાનતંતુમાં કંઈક મંદતા પ્રકટાવે છે. આનંદની લાગણીને લીધે જ્ઞાનતંતુને ઉલ્લાસ મળે છે.** એટલે કોઈ પ્રકારની લાગણીઓથી દોરવાઈ ન જતાં તે તે વેળા જાગ્રત થઈને તે દ્વારા એકાગ્રતામાં પ્રાણ જો પ્રકટાવીએ, તો આપણે ખોટ હોવા છતાં નફો મેળવી શકીએ. આવી જાતની રચનાત્મક સાધના શક્ય છે એવું મારો અનુભવ કહે છે. કોઈ પણ બીજા અનુભવીએ આવું બતાવેલું છે કે કેમ તે જાણતો નથી ને તેવું જાણવાની જિજ્ઞાસા પણ નથી. પ્રભુકૃપાથી એટલું કહી શકું કે આમ થવું શક્ય છે — જો હૃદયમાં ખરેખરી તેમાંથી હઠવાની ભાવના પ્રકટી હોય છે તો. આવું ત્યારે જ બની શકશે કે જ્યારે આપણે ધ્યેયની પરત્વે નિશ્ચયાત્મક ને નિર્ણયાત્મક વલણ લીધું હશે.

*(જીવનસંશોધન', ત્રીજી આ., પૃ. ૨૪૫)*

•

## નકારાત્મક વૃત્તિઓ પ્રતિ વલણ

**સ્વભાવનું અનેક પ્રકારનું ખરબચડાપણું એટલે જે બીજાંઓ પરત્વેની અનેક પ્રકારની અન્યથાવૃત્તિ જાગે છે તે. તેની બિલકુલ દરકાર કરવી નહિ એમ જો આપણે માનતા હોઈએ તો એ તો આંખે પાટા બાંધીને ખાડામાં પડવા જેવી તે હકીકત છે. જે જે જીવપ્રકારની નકારાત્મક વૃત્તિઓ જીવનમાં પ્રકટતી હોય તેના પરત્વે માત્ર ઉપેક્ષાવૃત્તિ રાખવાથી તે ટળી શકતી નથી.** ખરી રીતે તો આપણી પ્રકૃતિ કે આપણા સ્વભાવના તેવા તેવા rough corners (વિકૃત વળાંકો) આપણને ઘણા ઘણા ડંખવા જોઈએ. તે આપણી નબળાઈ છે, દોષ છે અને આધ્યાત્મિક જીવનવિકાસની સાધનાને માટે તે ભારે અંતરાયરૂપ છે. એ હકીકત આપણને ખરેખરી રીતે જ્યાં સુધી લાગશે નહિ ને ડંખશે નહિ ત્યાં સુધી આપણને તેમાંથી મુક્તિ મળી શકનાર નથી. અને તે પ્રકારની વૃત્તિ જ્યારે જ્યારે ઊગે, ત્યારે જ **તે આપણને જો ડંખે, તો આપણે જરૂર જાગ્રત થઈ શકીએ. પરંતુ આવું બધું તો કરવાની કંઈ જ કશી જરૂર નથી ને માત્ર નામસ્મરણ કર્યા કરીશું તો એની મેળે બધું રાગે પડી જશે, એવી જે કેટલાકની માન્યતા છે તે અજ્ઞાનપૂર્વક છે.** આવામાંના ઘણા લોકો તો નામસ્મરણ પણ પૂરેપૂરું સતત એકધારું કરી શકતા નથી, અને પેલા તેમની પ્રકૃતિ ને સ્વભાવના દોષ તો એમ ને એમ કાયમ રહ્યા કરે છે. **વળી કથાવાર્તા, સાધુસંતોનાં પ્રવચન,—એ બધાંએ પણ જનસમાજમાં એવી બધી માન્યતાને ટેકો આપ્યા કર્યો છે. 'તમે તમારે ભગવાનું નામ લીધા કરો એટલે બીજું બધું થઈ રહેશે.' એવી સમજણ પ્રવર્તે છે. ખરી રીતે તો તેટલું પણ કોઈથી પૂરેપૂરું થઈ શકતું હોતું નથી. એટલે તો આ જીવ પાસે સાધનાના હેતુ માટે જે જે જીવ મળેલા છે તેમને તેમને ચેતવવાનું આ કર્મ જે મારે ભાગે આવ્યું છે, તે તેમને તેમને કડવા લાગીને પણ કરવાનો ધર્મ સમજેલો છે ને તે પ્રમાણે વર્તું છું.**

*('જીવનસંશોધન' ત્રીજી આ., પૃ. ૩૨૫)*

# ૮. સદ્‌ગુરુની વ્યક્તિ અને તેનો ભાવ — શ્રીમોટા

ભાવની બાબતમાં સદ્‌ગુરુનું શરીર નહિ એટલે કે માનવી વ્યક્તિ નહિ પરંતુ જે શક્તિ, ભાવ અને ગુણ વડે કરીને જીવનનો સંપૂર્ણ વિકાસ થવાની શક્યતા છે, તેનો જીવંત ખ્યાલ આપણે સાધના કરતાં કરતાં કેળવી કેળવીને દૃઢાવવાનો છે. વ્યક્તિ તેવા ભાવનું કેંદ્રસ્થાન હોવાથી અને તે આત્મનિષ્ઠ હોવાથી ભાવ ને વ્યક્તિને જુદા પાડવા ઘણું ઘણું અઘરું થઈ પડે છે. વ્યક્તિ જો સંપૂર્ણ ભાવમાં ભળી મળીને ગળી ગયેલી હોય તો તેના હૃદયનો એવો ભાવ આપણા પોતાના વિકાસના હેતુને ફળવવાને તેવા જ્ઞાનભાન સાથે કેળવવાનું સંપૂર્ણપણે યોગ્ય છે.

*('જીવનવિકાસ', ત્રીજી આ., પૃ. ૧૯૨)*

•

## સદ્‌ગુરુ હેતુપૂર્વક આઘાત પણ આપે

તમે Wavering attitudeવાળા (ભારે સગડગવાળા) છો એમ લખીને તમને આઘાત આપ્યો છે એમ તમે લખો છો. પરંતુ મને જે લાગ્યું તે મારે તમને લખવું ઘટે. કેટલાંક વર્ષ પર મિત્રભાવે તમે મને એક વાર કહેલું કે "મારા જે દોષ દેખાય તે બતાવજો." ત્યારે તમને મેં સાફ ના પાડેલી ને કહેલું કે મિત્રના કે કોઈના દોષ જોવાનું કામ મારું નથી", એ તમને બરાબર યાદ હશે જ. હવે પરિસ્થિતિ બદલાઈ છે. તમારી પોતાની સ્વયં ઇચ્છાથી ને પૂરેપૂરી દિલની રાજીખુશીથી તથા ઇંતેજારીથી જ્યારે તમે આ જીવ નું માર્ગદર્શન પ્રેમથી સ્વીકાર્યું છે, ત્યારે એણે એનો ધર્મ બજાવવો રહ્યો. તમને થયેલા તેવા આઘાતોમાંથી જે લાગણી ઉત્પન્ન થઈ તેનો જ્ઞાનપૂર્વક ઉપયોગ જો તમે કર્યો હોત, તો સારું હતું. **"ભલેને એ ગમે તેમ કહે પણ હવે તો આ માર્ગમાંથી ચળાવાનું છે જ નહિ અને આમ કે તેમ વૃત્તિનું ડામાડોળ થવાપણું હવે તો કરવું જ નથી ને થવા દેવું જ નથી."** તેવા પ્રકારનો નિર્ધાર જો પ્રકટાવ્યો હોત, તો મારાથી તમને કહેવાયેલા, ઉદ્દેશાયેલા તે વચનની સંપૂર્ણ સાર્થકતા થાત. આ બાબતમાં સામાન્ય માનવીની એક એવી રીત હોય છે કે જે ઊંઘતો હોય તેને ઊંઘવા દેવો, જ્યારે અહીં તો આ જીવની technique (કાર્યશૈલી) પ્રભુકૃપાથી તદ્દન જુદા પ્રકારની છે. Counter-feelings પ્રત્યાઘાતી — સામી-લાગણી હેતુપૂર્વક જગવવાને માટે પણ કેટલીક વખત કોઈ પ્રકારનું ગતકડું કરવાનું સૂઝે પણ ખરું — જોકે 'ગતકડું' એ તો વિનોદનો શબ્દ છે, પણ સાચી રીતે પણ તેમ કરવાનું જ્ઞાનભાનપૂર્વક હેતુપૂર્વક બની શકે. પણ બધાની સાથે તેમ ન પણ થતું હોય. કોઈ જીવ પ્રભુકૃપાથી આ માર્ગે એવો મળ્યો હોય કે જે વધારેમાં વધારે ચોક્કસ, વ્યવસ્થાવાળો, ઝીણી દૃષ્ટિવાળો, નિયમિત પદ્ધતિસરનો હોય તો તેવાની સાથે તે તેવો ભાવ પણ રાખી શકે છે. તેનામાં પ્રવેશવાને માટે તે પ્રકારનું તેનું (એટલે ગુરુનું) વર્તન તે રીતનું પણ તે કાળ પૂરતું બને. પણ સદાકાળને માટે તે તેમ ન પણ કરે. એવો પ્રસંગ મળતાં સાધકની આંતરિક વૃત્તિ તપાસવાને કે જાણવાને માટે તે હેતુપૂર્વક સહજ ભાવથી તેને છંછેડે પણ ખરો; તેથી તેના અંતરમાંની વૃત્તિ એકદમ વ્યક્ત થવાથી તેનાં મૂળ તે પરખાય છે.

*('જીવનસંશોધન', ત્રીજી આ., પૃ. ૧૯૪-૧૯૫)*

## પોતાના સદ્‌ગુરુમાં જ મનનચિંતન

**આપણામાં પણ જ્યાં સુધી બીજા કોઈ સત્પુરુષ પણ આવું જ કહે છે. એમ સમજવાથી આપણા સદ્‌ગુરુમાં શ્રદ્ધાવિશ્વાસની ઊણપ સમજવી.** ચેતનના એકાત્મભાવના અનુભવમાં તો

સર્વ કંઈ એક છે તેમ છતાં માનવદેહધારી વ્યક્તિને પ્રત્યેકને પોતપોતાના અલગ સંસ્કાર, રુચિભેદને લીધે અલગ દેખાતો માર્ગ, વ્યક્ત થવાની પોતાની ખાસ કળા વગેરેમાં વિશિષ્ટત્વ કે વ્યક્તિત્વ, જે કહો તે, તે પ્રકટવાનું; એટલે તેને જો ભેદ કહો તો તેટલો ભેદ તો રહેવાનો અથવા દેખાવાનો. વળી કોઈ મુક્તાત્મા સત્યના અમુક પાસાના, પોતાના સંજોગને પરિણામે થયેલા સવિશેષ દર્શનને લીધે તે પાસાને વધુ મહત્ત્વ આપે, ને બીજું કોઈ તે જ આત્મતત્ત્વના બીજા પાસાને વિશેષ મહત્ત્વ આપે એવું બનવા પણ પૂરેપૂરો સંભવ છે. આપણે તો સાધનાની દૃષ્ટિએ પૂરેપૂરો ભક્તિભાવ અને સદ્ભાવ એવા પ્રત્યેક પરત્વે રાખવાનો છે. **આવા પુરુષોની સરખામણી કરવામાં કદી પણ પડવું નહિ. તે રીત જ અજ્ઞાનમૂલક છે. જે સદ્ગુરુની હૃદયમાં હૃદયથી પ્રતિષ્ઠા કરી તેના વક્તવ્યમાં જ ઊંડું ઊતરીને તેનું જ્ઞાનભક્તિપૂર્વકનું અનુશીલન, પરિશીલન થયા કરે તે આપણા કાજે વધારે હિતાવહ છે.** અને તે પ્રમાણે જો સતત એકધારું યોગ્ય વર્તન થયા કરે, તો તેમાંથી સદ્ગુરુ પરત્વેની કદરભાવના અને સદ્ભક્તિ પ્રકટે છે, તથા ઘણું હાલ ન દેખાતું ને ન સમજાતું સમજાય છે.

**एको देवः केशवो वा शिवो वा ।**

**એટલે એકમાં જ સદ્ભાવનાને એકાગ્ર ને કેંદ્રિત કરવાથી સંકુચિતતા પ્રકટે છે, એમ કોઈ જો માને તો તે સાવ હકીકતથી વિરુદ્ધની વાત છે. સદ્ભાવના જ્યાં કોઈમાં યોગ્ય રીતે એકાગ્ર ને કેંદ્રિત થાય એટલે તે વિસ્તારને પામે જ, તે આ માર્ગની વૈજ્ઞાનિક હકીકત છે. એકાગ્ર ને કેંદ્રિત થયેલી સદ્ભાવના કદી પણ સંકુચિત બની શકતી નથી એ અનુભવની હકીકત છે.**

('જીવનસંશોધન', ત્રીજી આ., પૃ. ૧૯૯)

## 'પ્રત્યક્ષ જીવનવર્તન એ જ સાચું લક્ષણ'

અહીંથી તમને કાગળ લખ્યો ને તે રાતે તમને તે બાબતનું સ્વપ્ન આવ્યું, ને સ્વપ્નમાં તમે જવાબ પણ દીધો અને અહીંથી લખેલો કાગળ તો તે પછી તમને ક્યારેયે મળ્યો, એ બધું ઠીક છે, પણ વરસને વચલે દિવસે આવું બને તેથી કોઈ પ્રકારે સંતોષ માની લેવો નહિ; જોકે એવું થાય તે સૂચક ગણાય પણ એનાથી આપણો દહાડો વળે નહિ. એનું પ્રત્યક્ષ પરિણામ જીવનમાં નીપજતું અનુભવાય ત્યારે જ તે ખપનું છે એમ માનવું. જ્યારથી સાધકને જીવન જીવવામાં ખરેખર રસ પડવા માંડે, ત્યારથી જ એણે એ પંથમાં ડગ ભરવા માંડ્યાં ને ભક્ત થવાની શરૂઆત થઈ એમ કહેવાય. **જ્યારે પૂરેપૂરો અખંડ રસ પળેપળે પ્રકટેલો જામેલો રહ્યા કરે ને પળેપળ એવી જીવંત ચેતનની સ્થિતિમાં રહેવાયા કરાય, ત્યારે જ ભક્ત સાચો ભક્ત થયો ગણાય.**

શરીરની સ્થિતિ ઠીક ન હોય, જો બહુ નરમ હોય, તોપણ નિયમ તો મૂકી દેશો નહિ. બેઠા ન રહેવાય તો સૂતાં સૂતાં પણ તે કર્મ કર્યા કરવું.

સાધનાના ક્ષેત્રમાં જો વિકાસ કરવાનું દૃઢ દિલ થયું હોય તો જીવન પરત્વેનો સમગ્ર દૃષ્ટિકોણ બદલાઈ ગયેલો હોવો જોઈશે. જો એમ થયું હોય તો નવી સમજ પ્રકટેલી હોય, ને તો પ્રત્યેક પ્રશ્નને, હકીકતને, પ્રસંગને, બનાવને, સમાધાનપૂર્વક જોતાં, સમજતાં શિખાશે અને પછી ઝાઝી કશી કંઈ પરત્વે ગડભાંજ મનમાં પ્રકટશે નહિ.

અહીં શાંતિનિકેતનના અંગ્રેજીના પ્રૉફેસર શ્રી ગુરુદયાળ મલ્લિકજી, તેઓ રજાઓમાં કરાંચીમાં રહે છે કેમ કે ત્યાં એમનું કુટુંબ રહે છે, તેમની સાથે ગઈ કાલ રાતે ઠીક ઠીક વાતો થઈ. તેઓ સત્સંગની ભાવનાવાળા છે અને સાધનાના માર્ગમાં પ્રવેશ પામેલા અને તેના આંતર પ્રદેશમાં પહોંચેલા જીવાત્મા છે. તેમની નમ્રતા સાધનાના આદર્શ ભાવની અનુસાર અનુસરવા લાયક છે.

*('જીવનસંશોધન', ત્રીજી આ., પૃ. ૨૨૯-૨૩૦)*

## ૯. બાળકો પ્રત્યે યોગ્ય કર્તવ્ય રાખો — શ્રીમોટા

**પ્રશ્ન :** મોટા, બાળકોને અમુક કામમાં રસ જાગ્યો ન હોય એથી એ માટે આપણે એને વારેવારે ટોકવું પડતું હોય છે. પરિણામે આપણે એના અળખામણા થઈ પડીએ છીએ. આથી, ઘણી વાર એવું થાય છે કે બધું એમના ઉપર છોડવું. એમની પોત પોતાની પ્રકૃતિ પ્રમાણે જ વર્તે ? બીજી બાજુ એમ પણ થાય છે કે આપણે જ જ્યાં આપણો સ્વભાવ સુધારી શકતા નથી તો બાળકોના સ્વભાવને આપણે ટોકીટોકીને ક્યાંથી સુધારી શકવાના છીએ ?

**શ્રીમોટા :** આમાં તમારી સમજ અધૂરી છે. માનવીમાં જે કંઈ ઉત્તમ છે એને વ્યક્ત થવાની તૈયારી કરવી એવો હેતુ કેળવણીનો છે. દરેક માનવીમાં બધું જ ઉત્તમ હોઈ શકતું નથી. જીવન કાજે, વહેવાર કાજે, શરીર કાજે, મનની કેળવણી કાજે, બુદ્ધિની કેળવણી કાજે અને વિવેક આદિની કેળવણી કાજે જે જે થવું ઘટતું હોય, તે બધું યથાયોગ્યપણે કોઈનામાંય હોતું નથી. આપણને જે તે બાબતમાં આપણા સંસ્કાર અને સમજણ પ્રમાણે જે જે કંઈ યોગ્ય લાગતું હોય અને જે બાળકના જીવનમાં તેવું જે અધૂરાપણું કે કચાશ લાગતાં હોય, તે દર્શાવીને તેને ઉગાડવાને કાજે મથવાનો આપણો ધર્મ છે. જીવનના યોગ્યપણાને જન્માવવાને કાજે જે કંઈ કરી ચૂકવું ઘટે તે કરવું ઘટે જ. જીવનમાં જો જરા જેટલું પણ ઉત્તમ નિપજાવી શકવાને ભાગ્યશાળી થઈ શક્યા - પછી તો આપણા જીવનમાં હો કે બીજાના જીવનમાં હો - તો તેના જેવો કોઈ પુરુષાર્થ નથી અને તેના સમું બીજું કોઈ પુણ્ય નથી.

નવું જન્માવવાને કાજે ભારે મથામણની જરૂર રહેવાની જ. એમાંય બીજાના જીવનની બાબતમાં તો ખાસ જ. બીજો જીવ તો અમુક પ્રકારની લઢણના સંસ્કાર લઈને જ જન્મેલો છે. એવો ને એવા જ સંસ્કારમાં પડ્યા રહેવા દેવું તે અધર્મ ગણાય. **જો તેમાં ક્યાંય પણ અયોગ્યપણું લાગતું હોય તે છતાં આપણે તે પરત્વે યોગ્ય કર્તવ્ય - ધર્મ ન બજાવી શક્યાં તો તે અધર્મ જ થયો ગણાય.** જેમ કોઈ કારીગર જ્યારે કશુંક ઘડતો હોય છે ત્યારે તેના મનમાં મુખ્ય - મહત્ત્વની ભાવના જે તે નવી આકૃતિ કે નવું જન્માવવાની હોય છે - એનો જ ખ્યાલ તેના દિલમાં જીવતો જાગતો રહ્યા કરતો હોય છે, તેમ આપણા દિલમાં પણ બાળકમાં અમુક અમુક એના જીવતરને કાજે ખૂટતાપણું જણાતું હોય ત્યાં તેને દૂર કરી નવું જન્માવવા માટે ઘટતા ઉપાયો જે લાગતા હોય તે લેવા જ જોઈએ. કર્મનાં પરિણામનો આધાર તો તે કર્મ કરતી પળે તે કર્મમાં આપણી તેનામાં નવું યોગ્યપણું જન્માવવાની ભાવના ઉપર છે. આમ થાય તો એનું પરિણામ શ્રેયસ્કર છે. મૉન્ટેસોરી પદ્ધતિ ગમે તે કહેતી હોય, પણ **જો બાળકમાં અમુક અમુક નકારાત્મક લાગતું હોય તો તેને જડમૂળથી ઉખેડી નાખવાનો આપણો ધર્મ રહે છે.** ધારો કે બાળકમાં ચોરી કરવાના, કોઈને હેરાન કરવાના સંસ્કાર હોય, પોતાનાથી નાનાને રિબાવીને આનંદ મેળવવાના સંસ્કાર હોય, અમુક જાતનું ડરપોકપણું હોય, અમુક જાતનું એવું બીજું ઘણું જો આપણા નિરીક્ષણમાં આવ્યું હોય અને છતાં જો આપણે તે બધું જતું કરીએ અને એનો યોગ્ય ઉકેલ નહિ કરી શકીએ તો તે ફૂલ્યા ફાલ્યા જ કરશે.

જેમ આપણા વિકાસને અવરોધનારાં તત્ત્વ હોય અને એને જો ફાલવા ફૂલવાનું આપણે કર્યા કરીશું અને એનું યોગ્ય રૂપાંતર કરવાનો પુરુષાર્થ જો આપણે નહિ કરીએ તો જેમ છીએ તેમના તેમ જ રહી શકવાના છીએ. આપણી બાબતમાં તો ભલે તેમ હો, પણ બાળકના જીવનને પણ જો તેમ કરવામાં આપણી બુદ્ધિ, સમજણ અને બીજી શક્તિ ઉપયોગમાં આવી શકતી હોય અને જો તેવી બાબતમાં રસ જાગેલો હોય

તો તેવી બાબતમાં આપણી પ્રવૃત્તિ થયા જ કરવી જોઈએ. આપણે તો બાળકના જીવનનો નવો આકાર આપવા માગીએ છીએ. એ તો પ્રભુના સર્જનસમું કાર્ય છે-બલકે પ્રભુનું કાર્ય છે.

જેનામાં નવું નિર્માણ કરવાનો ઉન્માદ જાગ્યો નથી, તેને તેવા પુરુષાર્થમાં મંદતા પ્રગટ્યા જ કરવાની, પણ તેટલા કાજે પાછી આપણામાં બુદ્ધિની યથાર્થતા રહેલી હોય છે. તેથી, તેની મદદથી કર્મનું યોગ્યાયોગ્યપણું પારખવાનું રહે છે. આપણે બાળકને ટકોરતા હોતા નથી, પરંતુ તે વેળા આપણું સમગ્ર, સળંગ અને કેંદ્રિત ધ્યાન તો બાળકના જીવનના નકારાત્મકપણાની સામે હોય છે. તે સાથે આપણો જીવતો સામનો ત્યારે થતો હોય છે અથવા કરવાનો હોય છે. તેથી, **બાળકના જીવનમાંની યોગ્ય જરૂરિયાતો પૂરતું જેટલું ખૂટતાપણું હોય તે તે બાબતમાં જ્યારે જ્યારે સ્વીકારાત્મક વાતાવરણ હોય ત્યારે એને તે તે સમજણ પડે તે રીતે અને જે જે યથાયોગ્ય નથી એ સમજાવવાનું આપણે ધારતા હોઈએ તેટલું તેને ગળે ઉતારવા આપણે મથવું. એકવાર બાળકને જો એમ ગળે ઊતરી જાય કે પોતે અમુક અમુક કરે છે કે પોતે અમુક અમુક નથી કરતો તે ખોટું છે અને તે અંગે તેમ કરતાં મતલબ કે યોગ્ય કરતાં અને તેમ ન કરતાં મતલબ કે અયોગ્ય ન કરતાં બની જઈએ તો સારું એમ જો ઠસી ગયું તો ભારે કર્મ કરી શક્યા એમ જાણવું.**

**બાળકને પોતાની જ મેળે કરવા દેવું કે ઘડાવા દેવું એ મૉન્ટેસોરી મૈયાના આધ્યાત્મિક સત્યનું માત્ર પોલું પાસું છે, બલકે એક પાસું છે.** બાળક વાતાવરણથી ઘડાતું હોય છે અને વાતાવરણમાંથી ઘણું લેતું હોય છે. અને તેથી વાતાવરણ ઉપર જ બધો આધાર રહેલો છે તે ખરું, પણ વાતાવરણ કદી પણ બાળકના જીવનના યોગ્ય રચનાત્મક ઉઠાવ કાજે યોગ્ય હોઈ શકતું જ નથી. પોતે જ્યાં રહેતું હોય ત્યાંનો સમાજ જ એનું વાતાવરણ રહેવાનું. માબાપ કે સમાજ કંઈ બધાં યોગ્ય રીતે હોઈ નહિ શકવાનાં. તેથી, બાળકો પણ તેવું તેવું શીખતાં જ રહેવાનાં. **આપણે માબાપ, ભલે અધૂરાં રહ્યાં. પણ તેનો ગેરલાભ, જેને જ્ઞાનથી કે અજ્ઞાનથી જન્માવ્યાં તેમને ન મળે એ જોવાનું આપણું કર્મ છે જ.** આ રીતે કરી બતાવવું એ અતિમુશ્કેલ કર્મ છે એ હું જાણું છું, પણ એકવાર જો આપણને કંઈ કોઈ બાબતમાં નવી દૃષ્ટિ મળી જાય તો તે બાબત ખાંખત પણ રહી શકે છે, એવો સામાન્ય અનુભવ છે. માટે, આટલું કહું છું.

## ગયેલા આત્માને હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ

- અમદાવાદ નિવાસી સ્વ. મધુસુદનભાઈ મૂળચંદભાઈ શાહ, તા. ૨૯-૦૪-૨૦૨૩ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.
- સ્વ. ધીરજભાઈ મગનલાલ પરમાર, મોઢેરા, હાલ અમદાવાદ અવસાન થયેલ છે.
- મયંક અમરતભાઈ પરમારના માતુશ્રી સુધાબેન તા. ૧૯-૦૪-૨૦૨૩ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.
- પંકજભાઈ રામદાસ દેસાઈ, અમદાવાદ (વાઈસ ચૅરમેન, વાઘબકરી ચા ગ્રુપ) તા. ૦૫-૦૫-૨૦૨૩ના રોજ અવસાન થયેલ છે.
- પરાગભાઈ પટેલના દાદા – સ્વ. દશરથભાઈ આત્મારામભાઈ પટેલ, અમદાવાદ તા. ૧૫-૦૫-૨૦૨૩ના રોજ અવસાન પામેલ છે.
- સ્વ. સરોજબેન ચુનીલાલ પટેલ, ચિખોદરા તા. ૨૯-૦૪-૨૦૨૩ના રોજ અવસાન પામેલ છે.

**પૂજ્ય શ્રીમોટા સર્વે ગતાત્માને શાંતિ અર્પે તેવી હૃદયાંજલિ**

## ૧૦. સાધકનું ધ્યેય — શ્રીમોટા

શ્રીભગવાનને માર્ગે જનાર સાધકે પોતાની પ્રકૃતિને પૂરેપૂરી જાણવી જોઈએ. માંહેલા શત્રુના ધમપછાડા જ માત્ર નહિ, પણ એવી જાતના સ્થૂળ કે સૂક્ષ્મ હુમલાઓને તે જ પળે તેણે જાણવા જોઈએ. તે તે પળે તેણે જાગ્રત રહીને કે થઈને શ્રીભગવાનની પ્રાર્થના કરી તે બધું અને પ્રેમભક્તિભાવે જ્ઞાનપૂર્વક સમર્પણ કર્યા કરવું પડશે. કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર, નાના પ્રકારની અહંતા ને નાના પ્રકારનાં મમત્વ – એ બધાંમાંથી મનને વેગળું કરવું. જે સાધકનામાં એવું બધું હોવા છતાં તે શ્રીભગવાનના ચરણકમળે જ માત્ર પડી રહેવાનો નિર્ધાર તેણે કરેલો છે, એવા નિર્ધારની કસોટી કેટલીયે વાર થતી રહેલી હોય છે. તે પોતે અનેક વાર પડતો તો હોય છે ને છોલાતો પણ હોય છે, પરંતુ તેની સતત એકધારી મીટ તો જીવનવિકાસ પરત્વે જ રહ્યાં કરે છે ને એના ધ્યેયમાંથી તે કદી પણ હઠતો નથી. તે પડે છે, કરે છે એની એને ઝાઝી પડી હોતી નથી. કિન્તુ એના ધ્યેયમાંથી એની જરાક પણ નજરચૂક થતાં એને હજારો વીંછીના ડંખથી પણ વધારે વેદના પ્રગટે તો જ તે સાધનાને પંથે આગળ ધપી શકશે.

જો સાધકના જીવનનું ધ્યેય શ્રીભગવાનના ચરણકમળનો રૂડો અલભ્ય લાભ એ જ એક માત્ર હોય તો તેની નજર ત્યાંની ત્યાં જ રહ્યાં કરે તેમ તે મથ્યાં કરવાનું છે. એવા પ્રામાણિક અને સાચા મથવામાંથી કોઈક દહાડો સાચો પ્રાણ પ્રગટી જવાનો છે. જે સાધક સાધનાપથ પર ડગલાં ભરતો રહે છે, તેવો સાધક સાધનાપથને એક દિવસ કાપી શકવા અથવા વટાવી શકવા ભાગ્યશાળી થવાનો જ છે તેવું જે સાધક માનતો નથી, તેવો સાધક તો માત્ર ઠેરનો ઠેર રહેવાનો છે. એટલે જેને સાધનાપથે પહોંચવું છે તેને તો પળવાર પણ બેસી રહેવું પોસાય તેમ નથી.

જે ધ્યેયને સાધકે પામવું હોય તે ધ્યેયની પૂરેપૂરી, સાચેસાચી સમજણ હોય તે ઘણું અગત્યનું છે. ધ્યેય તો જેમ જેમ પાસે પાસે જતા જઈએ, તેમ તેમ તે આઘું અને આઘું જ જતું જવાનું. ક્ષિતિજની જેમ. જે કોઈને એક ડગલું ભરવામાં આનંદ પ્રગટે છે, એક ડગલું ધ્યેયના વિકાસના હેતુથી ભર્યા કરે છે, તેવા જીવના એક ડગલું ભરવાપણામાંથી સાધકનો વિશ્વાસ આપોઆપ કેળવાતો જાય છે. **સાધક એટલે ? પૃ.૮-૯**

### અજ્ઞાન

પોતાના મૂળ સ્વરૂપને ન ઓળખવું ને એને ઓળખ્યા કે અનુભવ્યા વિના વ્યવહારવર્તન કર્યા કરવું એનું નામ **અજ્ઞાન**.

તો હવે આ અજ્ઞાન હઠે કેવી રીતે ?

પહેલાં તો આપણે અજ્ઞાનમાં સબડ્યા ને રવડ્યા કરીએ છીએ, એનું પૂરેપૂરું ડંખતું જ્ઞાનભાન જો હૃદયમાં હૃદયથી જાગી જાય, તો **'જીવ'**ને એમાંથી ઊઠવા ને જાગી જવા પૂરેપૂરો સંભવ રહે. અજ્ઞાનનો ડંખ હજી આપણને પૂરો ને ખરેખરો હૃદયમાં હૃદયથી લાગેલો નથી. તે જ મોટામાં મોટી ખાટલે ખોડ છે. તો શું એમનું એમ ખાલી ખાલી પડી જ રહેવું ?

બળદ ગળિયો થઈને પડ્યો રહે તેનું શું થાય ? ખેડૂતને ખોટીપો થતો હોય, જલદી જવું પણ હોય ને ધૂંસરીએ જોડેલો બળદ ગળિયો થઈને બેસી જાય, તો એ એનું પૂંછડું આમળે ને પૂંછડું ખેંચીને એને ઊભો કરાવવા મથે; પૂંછડું એવું જોરથી તાણે કે ન પૂછો વાત. તેટલાથી ન પતે તો પછી એના પર, એના બરડા પર, પરોણા પર પરોણા પડ્યા જ કરે, આખરે કેટલો બધો બેસુમાર માર ખઈને એને બિચારાને ચાલવું તો પડે છે. એમ આપણને પણ ગળિયા બળદ જેવાં થઈને, સંસારના કાદવમાં રગદોળાયેલાં કેવાં પડ્યાં રહ્યાં છીએ ! એવી આપણી દશા છે છતાં એનું શૂળ-દર્દ આપણને સાલતું પણ નથી ને ? પૂંછડું તાણીને મરડે તે પણ સહેવાય એવી દશા—એવી પ્રેમભક્તિપૂર્વકની તૈયારીવાળી જ્ઞાનયુક્ત દશા—આપણી નથી. પરોણા પર પરોણા સખત બરડા પર પડે તો તો કોણ જાણે શું નું શું યે થઈ જાય ? પ્રભુકૃપાથી મારું ચાલે તો તેમ પણ કરું. પણ તેમ કરી કેવી રીતે શકું ?

**સંસારમાં વૃંદાવન; પૃ. ૨૩-૨૪**

## ૧૧. સહસ્ત્રશીર્ષ–અહંકાર — શ્રીમોટા

આપણા મનની પ્રવૃત્તિઓ, વિચારો આદિ સાથે, ને પ્રાણની આશા, ઈચ્છા, કામના, વગેરે સાથે આપણા અહંકારદાદા તો સદાય ખડે પગે તૈયાર જ હોય છે. આપણે જાગી જાગીને ચેતી ચેતીને 'જીવ'ની અહંતાથી સાવ મુક્ત થવાને ને નિરભિમાની થવાને પ્રયત્ન કર્યા કરીશું, તો મનનું કે પ્રાણનું કશું ફાવી શકવાનું નથી. જેની અહંતા ગળી ગયેલી છે, તેને મન કે પ્રાણ અપરા પ્રકૃતિમાં રગદોળાવી શકતાં નથી. જે તે બધું અહંકારને લીધે જ બન્યાં કરતું હોય છે. તેથી સાધનામાં પહેલાં તો અહંકારનું જ પ્રથમ બલિદાન, ત્યાગ ને સમર્પણથી ભગવાનને ચરણકમળે પ્રેમ-ભક્તિજ્ઞાનપૂર્વક કર્યા કરવાનું રહે છે તે જાણજે. તેથી સાધના કરનાર 'જીવે' અહંકારને જરા સરખો પણ ઊઠવા દેવાનો ન હોય. એવાને સંસારી 'જીવો' અનેક રીતે ટકોરશે. એને પ્રજ્વલિત ('જીવ'દશામાં) કરાવવાને અનેક રીતે મથશે. તેમ છતાં એણે ત્યાં જરા પણ મચક આપવાની નથી. **અહંકાર જેવો તેવો નથી. એને તો હજાર માથાં છે. એનાં માથાં કપાઈ જાય, છતાં નવાં નવાં જન્મતાં હોય છે. એના હાથ, પગ, માથું, ધડ, બધું જ જુદું જુદું કાપીને વેગળે ફેંકી દો, છતાંય તે બધાં પાછાં ભેગાં થઈને એક થઈ જાય છે. એવાં છે અપરા પ્રકૃતિનાં અહંકારનાં લક્ષણ ને સ્વભાવ.** માટે એને તો ભગવાનને ચરણે પ્રેમભક્તિજ્ઞાનભાવે સમર્પણ જ કર્યા કરવો. જ્યાં જ્યાં એનું ડોકિયું થયું કે એને ભગવાનને દઈ દેવો.

'દઈ દેવો' તે કેવી રીતે બને ?

દઈ દેવો એટલે તેવી તેવી વેળા શ્રીભગવાનને હૃદયમાં હૃદયથી સાચી રીતે આર્તભાવે પ્રાર્થના કરવાની કે "પ્રભુ ? આને આપ કૃપા કરી સ્વીકારી લો. આપની અને મારી વચ્ચે એ મોટું અંતરાય પડાવે છે. માટે કૃપા કરીને એને આપ આ 'જીવ'ની કનેથી લઈ લો. આપને ચરણકમળે તે હું સમર્પણ કરું છું." જો આપણે સાચા સાધક હોઈએ ને આપણને 'જીવ' પ્રકૃતિનો અહંકાર ખરેખર કાંટાની જેમ ખૂંચતો હોય, તો આપણી પ્રાર્થનામાં આર્તનાદ ને આર્દ્રભાવ પ્રગટાવાનો જ. પણ મૂળ મુદ્દાની ખરી વાત જ એ છે કે 'જીવ'ને પોતાની અપરા પ્રકૃતિનું ખરેખરું સાલવાપણું, ડંખવાપણું ને એનાથી દાઝવાપણું હૃદયમાં હૃદયથી લાગેલું જ હોતું નથી.માટે આપણે પ્રભુની કૃપામદદ યાચીયાચીને એવું લગાડવું.

**અહંકારને તો નિર્મૂળ જ કરતા રહેવું, અહંકાર જેનો ટળ્યો, તેવો 'જીવ' અપરા પ્રકૃતિમાંથી પરા પ્રકૃતિમાં જઈ શકવાને સમર્થ થઈ શકવાનો.** એમ સંસારવહેવારમાં અહંકાર-રહિત થવાનો જાગ્રત જ્ઞાનપૂર્વકનો પ્રયત્ન કરતાં કરતાં આપણે મથવાનું છે. અહંકાર હશે ત્યાં સુધી મન કે પ્રાણનાં 'જીવ' દશાયુક્ત વલણોને આપણે ઊંચે લઈ જવાને શક્તિમાન થઈ શકીશું નહિ. માટે જેણે સાધના કરવી છે એણે તો નીચાથીયે નીચા, ચરણરજનીયે પણ રજ, અથવા શૂન્યથીયે શૂન્ય થયાં કરવાનું છે.જ્યાં જ્યાં અભિમાન જાગે, ત્યાં એને શ્રી ભગવાનને સોંપ્યા કરવાનું છે. વળી એમ કહેવું કે, 'હે ભગવાન ! આ તને સોંપ્યું' એમ ખાલી ખાલી બોલ્યે નહિ ચાલી શકે. એમાં સાચેસાચી ખરેખરી દર્દભરી હૈયાની દાનત તે કાજેની ને તે પરત્વેની પૂરી પ્રગટેલી હોવી જોઈશે, તો જ કાંઈક કારજ સધાશે.

આમ આપણામાંથી અહંકાર નીકળી જાય ને પ્રાણના આવેગો ને આવેશો એટલે કે અનેક પ્રકારની કામનાઓ લય પામતી જાય, તે પછીની દશા પ્રગટતાં જ આપણને આપણા પોતાનામાં રહેલી શક્તિની ઓળખ થવાની શરૂઆત થાય છે. માટે શ્રીપ્રભુની કૃપામદદ લઈ લઈને મન, પ્રાણ ને બુદ્ધિ — એ ત્રણેને મઠારવાનું કામ જેમ સાધકનું છે, તેમ સૌથી પ્રથમ નિરહંકારી બનવાનું કામ પણ સાધકનું છે. એ કર્મ કંઈ જેવું તેવું નથી. તેથી સંસારવહેવારમાં, સંબંધમાં, વર્તનમાં, આપણી સકળ કોઈ પ્રવૃત્તિમાં અહંકારથી ન વર્તી જવાય, તેની પળેપળ કાળજી રાખવાની રહે છે.

**સંસારમાં વૃંદાવન; પૃ. ૫૫-૫૮**

**કો પ્રક્રિયા અંતરમાં થવાથી આ સ્તોત્રની છે સરવાણી ફૂટી;**
**એ સ્પર્શ મોટા ! તવ ચેતનાનો ચૈતન્ય મારા હૃદયે જગાડો. ૧૦૬**

**અંતરમાં કો (=કોઈક) પ્રક્રિયા થવાથી આ સ્તોત્રની સરવાણી ફૂટી છે;**
**(હે) મોટા ! તવ ચેતનાનો એ સ્પર્શ મારા હૃદયે ચૈતન્ય(ને) જગાડો.**

**ક્ષણાર્ધ માટે પણ ભાવ ઊંડો જન્મેલ મારા હૃદયે નિહાળો;**
**લ્યો ભાવની એ કણિકા સ્વીકારી દ્યો નાથ ! મારો ભવ આ સુધારી. ૧૦૭**

**ક્ષણાર્ધ માટે પણ મારા હૃદયે જન્મેલ ઊંડો ભાવ નિહાળો (અને) એ ભાવની કણિકા સ્વીકારી લ્યો. (હે) નાથ ! મારો આ ભવ સુધારી દ્યો.**

**આ પ્રાર્થના અંતરથી સ્ફુરી છે ઊંડાણથી આ સરિતા સરી છે**
**તે આપના બે ચરણાંબુજોને પખાળતી ધન્ય બની રહી છે. ૧૦૮**

**આ પ્રાર્થના અંતરથી સ્ફુરી છે, આ સરિતા ઊંડાણથી સરે છે; તે આપનાં બે ચરણ-અંબુજોને (=કમળોને) પખાળતી ધન્ય બની રહી છે.**

**ઊંડા અંતરભાવનાં કુસુમને ગૂંથી રચી અંજલિ,**
**મોટા ! તે ધરું આપનાં ચરણમાં સ્વીકારજો સ્નેહથી;**
**કીધાં આત્મનિવેદનો સકળ મેં તે અંતરે ધારીને**
**દોરો સત્વર નાથ ! આ પથિકને કલ્યાણમાર્ગે તમે. ૧૦૯**

**॥ હરિઃૐ તત્ સત્ ॥**

**ઊંડા અંતરભાવનાં કુસુમોને ગૂંથી(ને) મેં અંજલિ રચી (છે), (હે) મોટા ! તે(ને) આપના ચરણમાં ધરું (છું); (તે) સ્નેહથી સ્વીકારજો; મેં (જે) સકળ આત્મનિવેદનો કીધાં તે સકળ (તમારા) અંતરે ધારીને હે નાથ ! તમે આ પથિકને સત્વર કલ્યાણમાર્ગે દોરો.**

**॥ હરિઃૐ તત્ સત્ ॥**

"ક્ષણાર્ધ માટે પણ ભાવ ઊંડો જન્મેલ મારા હૃદયે નિહાળો;" અહીં ભટ્ટ સાહેબ (૧૦૭મા શ્લોકમાં) એક ક્ષણની વાત કરે છે. જો એક ક્ષણ માટે પણ પ્રભુ સાથેનો નાતો અનુભવાય તો તે પણ એક અદ્‌ભુત ઘટના કહેવાય છે. શ્રી શ્રીમા આનંદમયી, શ્રી ગોપીનાથ કવિરાજ અને શ્રી વિમલાબહેન ઠકારે આ ક્ષણ વિશે ઊંડું ચિંતન કર્યું છે. શ્રી શ્રીમા આનંદમયી ક્ષણ શબ્દનો વિશિષ્ટ અર્થ કરતા કહે છે : "ક્ષણ એટલે તમારો જે સમય છે તે નહિ. સમય એટલે 'સ્વ-મય' જ્યાં 'સ્વ' સિવાય બીજી વાત જ નથી... ક્ષણ કહેતાં એ જ મહાસત્તાને સમજવી જોઈએ જેમાં સ્વથી ભિન્ન બીજા કોઈ અસ્તિત્વનો સ્વીકાર નથી કરી શકાતો. એ મહાપ્રકાશમય સત્તા જ સમગ્ર વિશ્વપ્રકૃતિના મૂળમાં પોતાના સ્વભાવથી વિરાજમાન છે."

એકવાર પંડિત જવાહરલાલ નહેરુએ શ્રી શ્રીમા આનંદમયી પાસે પોતાના મનની અશાંતિની મૂંઝવણ રજૂ કરતાં કહ્યું : "મા, બરાબર ઊંઘ નથી આવતી, કંઈક ઉપાય દેખાડો." ત્યારે શ્રીમાએ કહ્યું : "બાબા ઉપાય થશે; પણ પહેલા એ બતાવો કે ચોવીસ કલાકમાંથી એક અખંડ ક્ષણ મને આપી શકશો ? એ

ખંડિત ના હોવી જોઈએ કારણ કે ખંડિત બીજ વાવવાથી અંકુર ન ફૂટે.'' નહેરુએ શ્રીમાને પૂછ્યું : ''અખંડ ક્ષણનો શું અર્થ ? શ્રીમાએ કહ્યું : ''અખંડ ક્ષણ એટલે એ ક્ષણમાં કેવળ તમે જ રહેશો. એ વખતે તમે દેશના વડાપ્રધાન નહિ હો કે ન તો કૉંગ્રેસના નેતા, ઈંદિરાના પિતા પણ નહિ. તમારી બધી જ ઉપાધિઓ ઉતારીને બાજુ પર મૂકી દેવી પડશે. એ ક્ષણમાં દેશની, પક્ષની, કુટુંબની કોઈ ચિંતા નહિ કરો, નહિ તો ક્ષણ આપવા જશો ને અડધી ક્ષણમાં તો દેશની ચિંતા શરૂ કરી દેશો, તો પેલી ક્ષણ ખંડિત થઈ જશે. મને આવી ખંડિત ક્ષણ ના જોઈએ. અખંડ ક્ષણ જોઈએ અને તે પણ ચોક્કસ સમયે, પછી ભલેને રાત્રે બાર વાગે કરો, બે વાગે કરો, દિવસે બે વાગે કરો. જે તમને અનુકૂળ આવે તે, પણ મને ચોક્કસ સમય આપજો. રોજ એ સમય મને મળવો જોઈએ. રોજની ચોક્કસ ક્ષણ !'' પંડિત નહેરુએ તેમ કરવાની પોતાની અશક્તિ દર્શાવી ત્યારે શ્રીમાએ કહ્યું : ''તો પિતાજી, શાંતિ પણ શક્ય નથી.''

વિમલાબહેન ઠકાર કહે છે : ''ક્ષણ તો તમે બનાવી છે, એ તમારો માપદંડ છે, તમારું કાટલું છે. બાકી જીવન તો માપદંડથી અતીત છે, કલ્પનાતીત, ગણનાતીત છે. એટલે બે-પાંચની ચિંતામાં ન પડશો. માનવીય વ્યવહાર માટે આ ઘડિયાળ બાંધવાની છે, અહીં એની જરૂર નથી. લોકોને થાય છે કે દશ દશ કલાક બેસીએ તો જ કંઈક થાય. એવું નથી હોતું રે ! ઉત્કટતાપૂર્વક જીવાયેલી એક ક્ષણ પણ પૂરતી છે.'' શ્રી ગોપીનાથ કવિરાજ કહે છે : ''યોગશાસ્ત્રમાં ક્ષણના મહિમાનું વિશેષરૂપથી ગાન કર્યું છે. કાળ ક્ષણનો સમષ્ટિ (સમૂહ) છે. યથાર્થમાં કાળ નામનો બુદ્ધિથી અતિરિક્ત પૃથક્ કોઈ પદાર્થ નથી. કાળની વાસ્તવ સત્તા યોગી લોકો સ્વીકરાતા નથી.'' 'એક જ દે ચિનગારી' કાવ્યમાં પણ પરોક્ષ રીતે આ ક્ષણની જ વાત કરવામાં આવી છે.

શ્રીમોટા કહે છે : ''ગાયના શિંગડા ઉપર જેટલો વખત રાઈનો દાણો રહી શકે તેટલો વખત પણ જો આપણે સંપૂર્ણપણે એકાગ્ર રહી શકીએ ને ભગવાનના ભાવમાં પૂરા લય પામી જઈએ તોયે આપણે જે કરવું છે તે કરી શકીશું એમ વૈષ્ણવપંથના લોકોને કહેતા તમે કદાચ સાંભળ્યા હશે.'' શ્રી વિમલાબહેન ઠકાર કહે છે : ''એક ક્ષણ માટે પણ જો તમને ચૈતન્યની અનુભૂતિ થાય તો તમે પરમ ભાગ્યશાળી છો.'' આવી છે ક્ષણની વાત. ડિવાઈન મધર કહે છે : ''જો એક વાર અને તે પણ ફક્ત એક જ ક્ષણ માટે અંતરાત્મા કહે કે 'હું આ રહ્યો, હું તારો છું' તો પછી માનવ અને પ્રભુ વચ્ચે એક સેતુ બંધાય છે અને ધીમે ધીમે અંતરાત્માની ચારે બાજુ જામી ગયેલા થર પાતળા પડીને લય પામતા જાય છે. છેવટે બન્ને ભાગ પૂરેપૂરા જોડાઈ જાય છે અને આંતર તથા બાહ્ય વ્યક્તિત્વ (કઠણ, જાડુ જડ આવરણ) જુદાં મટીને એક થઈ રહે છે.'

પૂજ્ય શ્રીમોટાએ ભાવ ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે, જે શ્રી શ્રીમા આનંદમયીની - ઉક્તિને સાચી ઠેરવે છે. ભટ્ટ સાહેબ (૧૦૭મા શ્લોકમાં) સદ્ગુરુને ભાવની કણિકા સ્વીકારવા માટે પ્રાર્થના કરે છે. શ્રીમોટા લખે છે : ''સદ્ગુરુનો ખોરાક ભાવ-ભક્તિ છે, પ્રેમ છે. શ્રી સદ્ગુરુને પ્રેમના પ્રકાશમાં જ સમજી શકાય. ચેતનનિષ્ઠ સદ્ગુરુમાં સચેતન જીવને આકર્ષવાની આગવી શક્તિ હોય છે. આ આકર્ષણ સદ્ગુરુના ભાવનું છે. સદ્ગુરુની ચેતનાનો આપણામાં સંચાર થયેલો હોય તો સાથે સાથે ભાવનો પણ સંચાર થયેલો હોય જ. આથી આપણને આપણા સદ્ગુરુ પ્રત્યે ઓળઘોળ થઈ જવા જેવો ભાવ પ્રગટતો

અનુભવાય ત્યારે જ સદ્ગુરુની આપણને પ્રાપ્તિ થઈ છે એમ નિર્ભ્રાંતપણે માની શકાય.'' વળી શ્રીમોટા કહે છે : ''ભાવ-પ્રેમ પ્રગટે તો તેનું પ્રત્યક્ષ લક્ષણ છે સ્મૃતિ. જો આપણી ભીતરમાં પ્રતિક્ષણ સદ્ગુરુ પરત્વેનું કંઈને કંઈ ચાલ્યા કરતું લાગે તો જ સમજવું કે આપણે સદ્ગુરુને આપણા પ્રાણમાં પ્રતિષ્ઠિત કર્યા છે.''

હવે વાત કરીએ ૧૦૮મા અને ૧૦૯મા શ્લોકની. અહીં ભટ્ટ સાહેબ પોતાના અંતરમાંથી સ્તોત્રરૂપે સ્ફુરેલી સરવાણીનું અર્પણ શ્રી સદ્ગુરુનાં ચરણકમળે કરે છે. હૃદયમાંથી સ્ફુરેલી આ પ્રાર્થનારૂપી સરિતા શ્રી ગુરુવર્યના શ્રીચરણોને પખાળીને ધન્ય બની છે.

પ્રાર્થનાની સરળતમ વ્યાખ્યામાં કહેવાયું છે : "A prayer in its simplest definition is merly wish turn Godward."

પ્રાર્થના શું છે તેની સમજણ પૂરી પાડતાં શ્રી વિમલાબહેન ઠકાર કહે છે : ''પ્રાર્થના એ સત્યમ્, શિવમ્, સુંદરમ્ તરફની ગતિ, ઊર્ધ્વ તરફની ગતિ છે. આ તરફની ગતિને બદલે અહંકાર અધોગતિ તરફ લઈ જાય છે. મનમાં ઊઠતી સઘળી વૃત્તિને અહંકાર પોતાનું સાધન બનાવે છે, હંમેશાં સંગ્રહ અને પરિગ્રહ શીખવે છે, તથા સંગ્રહ અને સુરક્ષાના પ્રલોભનમાં માણસ અનેકાનેક જીવન વ્યતીત કરી દે છે. પ્રાર્થના આ અહંકારના ચક્રમાંથી મુક્તિ માટેની આકાંક્ષા છે. અહંકારની કેદમાં પુરાયેલા આત્મા, એ કેદમાંથી મુક્ત થવા જ્યારે તરફડે છે ત્યારે એની વેદના, વિફળતા શબ્દોમાં વ્યક્ત થવા માંડે છે અને એ પ્રાર્થના કહેવાય છે.''

વેદના, આર્તતા જાગ્રત થાય એ માટે દૈનિક જીવનક્રમમાં પ્રાર્થનામય કર્મનો સમાવેશ કરવામાં આવે છે. પ્રાર્થના એ ઈશ્વર પ્રત્યેનો સમર્પણભાવ છે. "A sincere prayer is a moment of unconditional surrender to the Divine intelligence."

પૂ. શ્રીમોટા કહે છે : ''જીવનવિકાસની સાધનામાં હૃદયથી કરાયેલી પ્રાર્થના ઘણો મોટો ભાગ ભજવે છે; પરંતુ બીજા સંતો, ભક્તોએ કરેલી પ્રાર્થના આપણામાં ઉત્કટભાવ પેદા કરી શકતી નથી કારણ કે આ બધાની પ્રાર્થનામાં તેમના જેવી રચનાસમયની અતંર્દશા આપણામાં જાગેલી હોતી નથી. આથી આવા સંજોગોમાં વ્યક્તિએ પોતે પોતાની રીતે પ્રાર્થના કરવી જોઈએ. આ રીતની પ્રાર્થના વ્યક્તિના જીવનવિકાસમાં વધારે હિતાવહ છે.'' મજાની વાત એ છે કે 'મોટાચરણે' શીર્ષકથી ભટ્ટ સાહેબ દ્વારા રચાયેલી આ સ્તુતિને-પ્રાર્થનાને આ વાત લાગુ પડતી નથી. એ માટેનાં કેટલાંક કારણો વિશેષરૂપે અત્રે દર્શાવી શકાય :

- પહેલી વખત, શ્રીમોટાએ ભટ્ટ સાહેબને પૂછ્યું : ''ભટ્ટ સાહેબ, આ પ્રાર્થના કોણે લખી ?'' જવાબમાં ભટ્ટ સાહેબે શ્રીમોટાને કહ્યું : ''મોટા, આ પ્રાર્થના મેં નથી લખી, તમે લખાવી છે.'' ત્યારે શ્રીમોટાએ એમ કહ્યું : ''તો તમે ઠીક સમજ્યા છો.'' આમ ભટ્ટ સાહેબને નિમિત્ત બનાવીને સદ્ગુરુ શ્રીમોટાએ સ્વયં આ પ્રાર્થનાની રચના કરી છે.
- બીજી વાત, આ પ્રાર્થનામાં ગુરુવર્ય શ્રીમોટા પ્રત્યેના ભાવનું ઊંડાણ અને સમગ્રતા એટલાં તો પ્રાણવાન રીતે વ્યક્ત થયાં છે કે માત્ર ભટ્ટ સાહેબની પોતાની એકલાની જ સ્તુતિ રહી નથી, પરંતુ પૂજ્ય

શ્રીમોટાના દરેક સ્વજનની સ્તુતિ બની રહી છે. ભટ્ટ સાહેબનો સ્વાનુભવ સર્વાનુભવમાં પલટાઈ ગયો છે.

- સ્વ. ઈંદુકુમાર દેસાઈએ લખ્યું છે : ‘‘ભટ્ટ સાહેબની પ્રાર્થનારૂપી આ વાણી વૈખરી નથી રહી. મધ્યમા વાણીને પાર કરીને ચિત્ત અને અંતઃપ્રજ્ઞાને આધારે પશ્યન્તી વાણી બની રહી છે. એ અર્થમાં કે મોટાની આ સ્તુતિ અને શરણાગતિમાં મોટાનું સાચું સ્વરૂપ ઊઠી આવે છે. જાણે કે મોટાને મળવાનો વાણીનો સેતુ એમણે (ભટ્ટ સાહેબે) બાંધી આપ્યો છે.’’
- આ પ્રાર્થના, સ્તુતિ કે આત્મનિવેદન એકમાત્ર ભટ્ટ સાહેબ માટે જ નહિ પણ જીવદશામાં સબડતા મોટાના સૌ સ્વજનોની ઉપાસનાનું એક સબળ સાધન બની રહ્યું છે. મજાની વાત તો એ છે કે સ્વયં શ્રીમોટાએ ભટ્ટ સાહેબની આ સ્તુતિને પોતાની સ્વીકૃતિની મહોર મારી દીધી છે.
- છેલ્લે એક બહુ મહત્ત્વની વાત. મેં ભટ્ટ સાહેબને મારા પિતા તરીકે બહુ જ નજદીકથી જોયા છે, એક મુમુક્ષુ તરીકે આપણે જે એમની અંદર-બહારની મર્યાદાઓની વાત કરી છે તે સર્વ જીવદશાવાળા, મથતા જીવોને ધ્યાનમાં લઈને કરી છે. પોતે આ બધાંથી પર હતા છતાં પણ ગુરુ પ્રત્યે પૂરી વિનમ્રતા પ્રગટ કરતાં તેમણે આ પ્રકારની સ્તુતિ કરી છે. સુશ્રી વિમલાબહેન ઠકાર તેમને ‘ઋષિ’ તરીકે બિરદાવતાં, શ્રીમોટાએ કહ્યું હતું : ‘‘પવિત્રતાની ભૂમિકા અને વિદ્વત્તાના ભારના અભાવને કારણે ભટ્ટ સાહેબ મારા નિકટવર્તી બની ચૂક્યા છે.’’ આમ ભટ્ટ સાહેબ સર્વજીવદશાવાળા મથતા જીવોને પોતાની સાથે સાંકળીને આ પ્રાર્થનાની રચના કરી છે એમ હું વિનમ્રતાપૂર્વક સૌ કોઈ મોટાના સ્વજનો સમક્ષ રજૂ કરું છું.

  છેલ્લા ૧૦૯મા શ્લોકમાં ભટ્ટ સાહેબ પ્રાર્થનારૂપી આત્મનિવેદન થકી ગુરુવર્ય શ્રીમોટા એમને કલ્યાણમાર્ગે - સ્વ-રૂપની પ્રાપ્તિના માર્ગે લઈ જાય તેવી અભીપ્સા વ્યક્ત કરે છે. પૂજ્ય શ્રીમોટાએ આત્મનિવેદન પર વખતોવખત ખૂબ ભાર મૂક્યો છે. શ્રીમોટાની આ વાત સાથે વિરમીશું : ‘‘આત્મનિવેદનથી તો શુદ્ધિ પ્રગટ્યા કરે ને તેમાંથી શક્તિ પ્રગટતી જાય છે. બીજી મહત્ત્વની વાત, આત્મનિવેદન થકી માણસ-(ભક્તરૂપી પાત્ર) ખાલી થઈ જાય છે જેથી કરીને ગુરુ-ઈશ્વરને જે કાંઈ આપવું હોય તે આપી શકે છે.’’

  સ્તુતિને અંતે આત્મોપલબ્ધિની વાત કરતા શ્રી ભટ્ટ સાહેબ લખે છે :

**સ્વરૂપની જ્યાં અનુભૂતિ થાય**
**વિષાદ, ચિંતા, સહુ દુઃખ જાય;**
**સર્વત્ર લીલા હરિની જણાય,**
**સંસાર આનંદનું ધામ થાય.**

જ્યાં સ્વ-રૂપની અનુભૂતિ થાય (છે) ત્યાં વિષાદ, ચિંતા, સહુ દુઃખ જાય (છે), (પછી) સર્વત્ર હરિની લીલા જણાય (છે) (અને) સંસાર આનંદનું ધામ થાય છે.

**સંપૂર્ણ**

## હરિઃૐ આશ્રમ, નડિયાદ

# ગુરુપૂર્ણિમા ઉજવણી

**હરિઃૐ આશ્રમ, નડિયાદમાં કરવામાં આવશે.**

**યજમાન શ્રી ગોરધનભાઈ પટેલ, નરોડા**

| | | |
|---|---|---|
| તા. ૦૩-૦૭-૨૦૨૩ | ૮-૦૦ થી ૮-૩૦ | અલ્પાહાર, ચા-કૉફી |
| સોમવાર | ૮-૩૦ થી ૯-૩૦ | પ્રાર્થના, ભજન |
| | ૯-૩૦ થી ૧૧-૦૦ | નામસ્મરણ, આરતી |
| | ૧૧-૦૦ થી ૧૧-૩૦ | ગુરુ અર્પણ વિધિ, મહાપ્રસાદ |
| | ૧૧-૩૦ થી ૪-૦૦ | નામસ્મરણ, હરિઃૐ ધૂન |
| | ૪-૦૦ થી ૪-૩૦ | નાસ્તો, ચા, કૉફી |

**નોંધ : મહાપ્રસાદના સમય દરમિયાન હરિઃૐ ધૂન ચાલુ રહેશે. વારાફરતી મહાપ્રસાદ લેવા જઈ શકાશે.**

## હરિઃૐ આશ્રમ, નડિયાદના ઉત્સવની માહિતી

| | |
|---|---|
| તા. ૨૨-૦૭-૨૦૨૩, શનિવાર | પૂજ્ય શ્રીમોટા દેહત્યાગદિન (૪૭મું વર્ષ) કાર્યક્રમ<br>હરિસ્મૃતિ ફાજલપૂર મહિસાગરના કિનારે, વડોદરા<br>હરિઃૐ સ્મરણ મંદિર, નરોડા દ્વારા<br>(વધુ વિગતો સંબંધિત પાસેથી મેળવવી.) |
| તા. ૦૭-૧૦-૨૦૨૩, શનિવાર (સાંજે) | પૂજ્ય શ્રીમોટાના જન્મ દિનની ઊજવણી (પ્રથમ દિવસ) |
| તા. ૦૮-૧૦-૨૦૨૩, રવિવાર (સવારથી) | પૂજ્ય શ્રીમોટાના જન્મ દિનની ઊજવણી (બીજો દિવસ)<br>**યજમાન : પૂજ્ય શ્રીમોટાનું ગોકુળિયુંગામ નરોડા + અમદાવાદના સામૂહિક યજમાનો (શક્યતઃ ૧૨૬ યજમાનો)**<br>**વધુ વિગતો હવે પછીના અંકમાં આપવામાં આવશે.** |

## હરિઃૐ ગુંજનને આર્થિક સહયોગ

| | | |
|---|---|---|
| • ગુણવંતલાલ ચંદુલાલ ઠક્કર | અમદાવાદ | ૫૫૧=૦૦ |
| • મધુસૂદન બી. ઉપાધ્યાય | અમદાવાદ | ૫૦૧=૦૦ |
| • ધર્મેશભાઈ કંસારા (પિતાશ્રી અશ્વીનભાઈના અવસાન નિમિત્તે) | અમદાવાદ | ૫૫૧=૦૦ |
| • સ્વ. વિભાબેન જગદીશભાઈ મહાજન (મરણતિથિ) | અમદાવાદ | ૧,૦૦૧=૦૦ |
| • મયંકભાઈ અમરતભાઈ પરમાર (માતુશ્રી સુધાબેનના સ્મરણાર્થે) | વડોદરા | ૫૦૦=૦૦ |
| • જીજ્ઞેશભાઈ ગુણવંતલાલ ઠક્કર (જન્મદિન નિમિત્તે) | અમદાવાદ | ૫૫૧=૦૦ |
| • મૃદુલાબેન માણેકલાલ મુખી | અમદાવાદ | ૧,૦૦૦=૦૦ |

## હરિઃૐ આશ્રમ, નડિયાદને મળેલ દાન

- એપ્રિલ, ૨૦૨૩ રૂ. ૩,૮૩,૦૪૫=૦૦
- મે, ૨૦૨૩ રૂ. ૧,૦૬,૫૬૮=૦૦

## ડૉ. વિક્રમ સારાભાઈ ઍવોર્ડ માટે મળેલ દાન

- એપ્રિલ, ૨૦૨૩ રૂ. ૬,૮૪,૦૦૦=૦૦
- મે, ૨૦૨૩ રૂ. ૯,૨૧,૦૦૧=૦૦



## ગુરુપૂર્ણિમા નિમિત્તે સંકલન

વ્યાખ્યા ઘણી ગુરુતણી કરી રાખી'તી મેં,
જેના કૃપાબળ વડે પણ સૌ તૂટી તે;
જેનો પ્રભાવ કદી બંધન ન સ્વીકારે,
વંદું હું ગુરુચરણને કંઈ કોટિ વારે.

જેના વખાણ કરવા મુજમાં ન શક્તિ,
જેના વખાણ કરવા મુજમાં ન ભક્તિ;
બુદ્ધિ અને મન પહોંચી શકે ન જેને,
એવાં ગુરુચરણને શિર આ નમે છે.

ના છે ગુરુ શરીર; ઉરતણો સ્ફુરેલો,
એ ભાવ; પ્રાણ, બળ, શક્તિ સ્ફુરાવવા સૌ;
એ ભાવમાં સ્થૂળપણું ઉર છે ન ક્યાંય,
એ ધારણા ગુરુ થકી; કરું હું પ્રણામ.

છે ના ગુરુ શરીર સ્થૂળ ભરેલ ખોખું,
છે ભાવ એ પરમ કોઈ અગમ્ય ઊંડો;
એ ભાવથી હૃદય આશ્રયને લઈ હું,
ભાવે કરું ગુરુપદે નમવા પ્રણામો.

સ્થિતપ્રજ્ઞથી ઊંચું તે બેસણું સદ્‌ગુરુ તણું,
અનંતાનંત ગામી તે ગતિ સ્થાન વિકાસનું,
એનું ના અટકે જ્ઞાન, વિકાસશીલ આપ જે,
ગંગા પ્રવાહની પેરે વહે છે નિત્ય નિત્ય તે.

જાણવું માનવું જુદું ને અનુભવવું જુદું,
જે અનુભવવામાં તો ખરું તત્ત્વ પમાય શું,
એને અનુભવતામાં આઠે કોઠે દીવા જ છે,
એવું સદ્‌ગુરુનું તત્ત્વ ભક્તિ વડે પમાય છે.

ગુરુ શરીર ના માત્ર, તણખો ચેતનનો જ છે,
એને શરીર જે માને, જાણ્યું ના ગુરુતત્વને.
શ્રીગુરુનું સાચું તે જ્યારે સ્વરૂપ હોય જે,
દ્વદ્વાંતીત ગુણાતીત કાલાતીત સ્થળાતીત તે.

— શ્રીમોટા

સૌજન્ય : ફેનીબેન પટેલ, હરિઃૐ સત્સંગ ગ્રુપ, U.S.A.


**(Printed Matter)**

**RNI No. GUJGUJ/2018/76364**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**

Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL